Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

मोक्षार्थिना प्रत्यहं ज्ञानवृद्धिः कार्या ।

શ્રી

# જૈન ધર્મ પ્રકાશ

પુસ્તક ૬૦ મું :: અંક ૮ મો

વીર સંવત ૨૪૭૦ ❋ વિક્રમ સંવત ૨૦૦૦

જ્યેષ્ઠ

પ્રગટકર્ત્તા—
શ્રી જૈન ધર્મ પ્રસારક સભા
ભાવનગર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જૈન ધર્મ પ્રકાશ

બહારગામ માટે બાર અંક ને ભેટના પોસ્ટેજ સાથે વાર્ષિક લવાજમ રૂા. ૧-૧૨-૦.

| પુસ્તક ૬૦ મું<br>અંક ૮ મો. | જયેષ્ઠ | વીર સં. ૨૪૭૦<br>વિક્રમ સં. ૨૦૦૦ |
|---|---|---|

## अनुक्रमणिका


૧. શ્રી સુમતિ જિન સ્તવન ... ... (મુનિશ્રી રુચકવિજયજી) ૨૨૫
૨. શ્રી શંખેશ્વર પાર્શ્વજિન છંદ (સં. મુનિશ્રી વિદ્યાનંદવિજયજી) ૨૨૬
૩. શ્રી મલ્લિજિન સ્તવન ... ... (મગનલાલ મોતીચંદ શાહ) ૨૨૭
૪. જૈન સ્ત્રીકવિ બાઈ સાણેક ... ... (સં. દુર્લભકુમાર ગાંધી) ૨૨૮
૫. શ્રી પ્રશ્નસિંધુ : ૮ ... ... (આ. શ્રી વિજયપદ્મસૂરિ) ૨૨૯
૬. વીરવિલાસ : ૧૬ ... ... ... ... (મૌક્તિક) ૨૩૪
૭. एगोऽहं ... ... ... ... ... ... (કુંવરજી) ૨૩૮
૮. વિવેક ... ... ... ... ... ... (કુંવરજી) ૨૩૮
૯. પરસ્પરના દ્વેષ ને કલેશ ... ... ... ... (કુંવરજી) ૨૩૯
૧૦. લાયકાતના માપ : આભાર કોનો માનવો ? (ક. દ. ઓ. પ્ર.) ૨૪૦
૧૧. જન્મ અને સગપણની વિચિત્રતા (મગનલાલ મોતીચંદ શાહ) ૨૪૨
૧૨. પ્રશ્નોત્તર ... ... (પ્રશ્નકાર–ભાઈ જેરામ પીતાંબર–ગરીયાધાર) ૨૪૩
૧૩. ભાવનગરના એક જિનચૈત્યનો જીર્ણોદ્ધાર ... ... (કુંવરજી) ૨૪૬
૧૪. સાચી વિદ્યા ... ... ... (મુનિ શ્રી વિદ્યાનંદવિજયજી) ૨૪૭
૧૫. બાર ક્ષમાશ્રમણો ... ... (હીરાલાલ રસિકદાસ કાપડિયા) ૨૪૯
૧૬. નિગોદનું સ્વરૂપ ... ... ... (મુનિ શ્રી પુણ્યવિજયજી) ૨૫૫


### વાર્ષિક સભાસદોને

સં. ૧૯૯૯ ના ચૈત્રથી સં. ૨૦૦૦ ના આસો સુધીના વર્ષ એક તથા સાત માસની ફીના રૂા. ૫)= થાય છે તથા ભેટની બુકના પોસ્ટેજના છ આના મળી રૂા. પા જેઠ શુ. ૧૫ સુધીમાં મનીઓર્ડરથી મોકલનારને ભેટની બુકો રવાના કરવામાં આવશે. ત્યારબાદ વી. પી. ચાર્જના ત્રણ આના મળી રૂા. પાા=નું વી. પી. કરવામાં આવશે. ભેટની બુકો નીચે પ્રમાણે છે.

૧. પ્રભાવિક પુરુષો, (પૃષ્ઠ ૪૬૦.) ૨. પવિત્રતાના પંથે, (પૃષ્ઠ ૧૩૨) ૩. તત્ત્વવાર્તા લક્ષ્મી સરસ્વતી સંવાદ, (પૃષ્ઠ ૯૨) ૪. દુહાસંગ્રહ (પૃષ્ઠ ૧૧૨) અને ૫. રત્નાકર પચીશી–અનુવાદ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ઉદારદિલ, માયાળુ સ્વભાવી



નિરંજન સ્ટુડીયો

શેઠ શ્રી ભોગીલાલભાઈ મગનલાલ

શ્રી મહોદય પ્રેસ–ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શેઠ શ્રી ભોગીલાલભાઈ મગનલાલ

આ માનવંતા ગૃહસ્થ સભામાં જ્યારે પેટ્રન થયા ત્યારે તે સંબંધી નોંધ લેતાં કેટલીક જરૂરી હકીકત અમે દર્શાવી છે. અત્યારે જ્યારે તેઓ મહાલક્ષ્મી મિલના મેનેજરપણાની જવાબદારીભરેલી સ્થિતિથી મુક્ત થઈને નિવૃત્તિપરાયણ જિંદગી ગુજારવા તૈયાર થયા છે તે વખતે અમને તેમના પ્રત્યે વિશેષ માન ઉપજે છે અને તે એટલા માટે કે-એવા દીર્ઘદર્શી અને પ્રૌઢતાવાળા ગૃહસ્થ જો નિવૃત્તિ-પરાયણ થઈ પરમાર્થના કાર્યમાં વિશેષ-વિશેષ ભાગ લેતા થાય તો જરૂર પ્રજાને તેમની સેવાનો સારો લાભ મળી શકે. અમે આશા રાખીએ છીએ કે-ઉદારદિલથી મળેલી સંપત્તિનો સદ્વ્યય કરનાર આ ગૃહસ્થ જરૂર પરમાર્થપરાયણ જિંદગીમાં બહુ સારો લાભ મેળવશે.

આ પિતા-પુત્રની સુયોગે મળેલી જોડી અખંડ રહી પરમાર્થનાં કાર્યો વિશેષ કરવા શક્તિમાન નીવડે અને તે જોડી દીર્ઘાયુષ્ય ભોગવી અનેક પ્રકારનાં સત્કાર્યો કરી સારી નામના મેળવે. એવી પરમાત્મા પ્રત્યે અમારી પ્રાર્થના છે.

For Private And Personal Use Only

# શ્રીમાન રમણિકલાલ ભોગીલાલ શેઠ

ભાઈ રમણિકલાલે મેટ્રિક સુધી વ્યાવહારિક કેળવણી લઈ ઇન્ડીયન મરચંટ્સ ચેંબર-ઓફોની ડીપ્લોમા મેળવેલ છે. સ્વભાવથી જ તેમનું ચિત્ત નૂતન ઉદ્યોગની શોધ તરફ વળેલું હતું એટલે હિંદમાં આર્ટિફિશિયલ રેશમ વણવાની શરૂઆત થઈ ત્યારે આ ઉદ્યોગની સંપૂર્ણ માહિતી મેળવવા તેઓ જાપાન ગયા. બારીક નિરીક્ષણ અને ઊંડી તપાસને પરિણામે તેઓ આ ઉદ્યોગમાં નિષ્ણાત બન્યા અને તેના પરિણામરૂપે અંતે સને ૧૯૪૭માં શ્રી માસ્ટર સીલ્ક મિલ્સ લિ.ની શરૂઆત કરી, જે અત્યારે સારા પાયા પર કાર્ય કરી રહેલ છે.

એક તરફ માસ્ટર મિલનું મેનેજરપણું સંભાળી રહ્યા હતા અને બીજી બાજુ શ્રી ભોગીલાલભાઈની સાથે કોટન ટેક્સ્ટાઇલ મિલનો અનુભવ મેળવવાનું પણ ચાલુ જ હતું. પિતાની કાર્યદક્ષતા, વિવેકીપણું, સહનશીલતા વિગેરે ગુણો તેમનામાં ઉતર્યા છે.

લાયક પુત્રને લાયક અધિકાર આપવાનું ક્યા પિતાને મન ન હોય? ભાઈ શ્રી રમણિકલાલની બાહોશી અને યોગ્યતા જોઈ શ્રી ભોગીલાલભાઈએ પોતાના [illegible] મિલના મેનેજરપણાનો ચાર્જ તેમને સુપ્રત કર્યો છે. આ રીતે ભાઈશ્રી રમણિકલાલે બે મિલના મેનેજરપણાની જવાબદારી સંભાળી લીધી છે. ભાઈશ્રી ભોગીલાલભાઈનું આ પગલું પણ સ્વ૦ સર પ્રભાશંકર પટ્ટણીના અનુકરણીય દૃષ્ટાંતનું સ્મરણ કરાવે છે.

ભાઈશ્રી રમણિકલાલ હસમુખા, મળતાવડા સ્વભાવના અને કાર્યદક્ષ છે. તેમના આનંદી સ્વભાવથી તેઓ પોતાના સ્ટાફમાં સૌ કોઈને પ્રિય થઈ પડ્યા છે. આપણી સભાના કાર્યથી રંજિત થઈ તેમણે સભાના પેટ્રનપણાનો સ્વીકાર કર્યો છે.

અમે ઇચ્છીએ છીએ કે ઉદાર પિતાના પગલે ચાલી, લોકહિત અને ધર્મસેવાના સવિશેષ કાર્યો કરી, પોતાને પ્રાપ્ત થયેલ લક્ષ્મીનો સદ્વ્યય કરી સ્વમાનવજીવનને સફળ કરે.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સભાના માનવંતા પેટ્રન



નિરંજન સ્ટુડીયો

શેઠ રમણિકલાલ ભોગીલાલ

શ્રી મહોદય પ્રેસ–ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રીયુત મોહનલાલ તારાચંદ શાહ.

વરતેજનિવાસી આ ગૃહસ્થ બાર વર્ષની લઘુવયમાં બેંગ્લોર જેવા દૂર દેશાવરમાં ગયા હતા, તે તેમની સ્વાભાવિક સાહસવૃત્તિ જણાવે છે. ત્યાં આગળ મારવાડી ગૃહસ્થની કાપડની પેઢીમાં ત્રણ વર્ષ સુધી નોકરી કરવા બાદ તેમની ખંત અને કાર્યકુશળતાથી રંજિત થઇ શેઠે તેમને પોતાની પેઢીમાં ભાગીદાર બનાવ્યા. ત્રણ વર્ષ સુધી ભાગીદારી ચાલવા બાદ તેઓએ પોતાનો સ્વતંત્ર કાપડનો ધંધો શરૂ કર્યો અને બેંગ્લોર તથા મદ્રાસ જેવા શહેરમાં સારી પ્રતિષ્ઠા જમાવી.

આજથી પંદર વર્ષ પહેલાં ફિલ્મ ઉદ્યોગ હજુ જાગૃતાવસ્થામાં આવતો જતો હતો, તે વખતે મોહનલાલભાઇએ તે ઉદ્યોગમાં ઝુકાવ્યું અને અથાગ પરિશ્રમ, ચકોર દૃષ્ટિ અને કાર્યદક્ષતાથી ફિલ્મ ઉદ્યોગમાં સારૂં સ્થાન પ્રાપ્ત કર્યું. આજે તેઓ મુંબઇમાં મોહન પીક્ચર્સ કુંના માલિક બનવા સુધી ત્રણ-ચાર થિયેટરોનું સફળતાથી સંચાલન કરી રહ્યા છે.

તેઓ ફિલ્મ ડીસ્ટ્રીબ્યુટીંગનું પણ કાર્ય સુંદર રીતે કરે છે એટલે પોતે ફિલ્મ પ્રોડ્યુશર્સ, ડીસ્ટ્રીબ્યુટર્સ તેમજ એક્ઝીબિટર્સ તરીકે સિનેમાના જગતમાં "મોહન પીક્ચર્સ" અને 'રમણિક પ્રોડક્શન'ના નામથી પીક્ચરો બહાર મૂકી ખૂબ જાણીતા થયા છે. આ સર્વ કાર્યોમાં તેમના ભત્રીજા રમણિકલાલ સારો સાથ આપી રહ્યા છે.

તેઓ સ્વભાવે મિલનસાર, સહૃદયી અને હસમુખા છે. તેઓએ ટાણા (કાઠિયાવાડ) માં પોતાના માતુશ્રી મોતીબાઇના નામથી ધાર્મિક પાઠશાળા શરૂ કરવા માટે રૂા. ૫૦૦૦) આપ્યા છે. તદુપરાંત તાજેતરમાં તેમના હસ્તે ખુલ્લા મૂકાયેલા વિદ્યાર્થીગૃહમાં પણ રૂા. ૫૦૦૦)ની સહાય આપી સારી શરૂઆત કરી છે. મુંબઇની મહાવીર વિદ્યાલયને રૂા. ૧૦૦૦૦)ની રકમ આપી પોતાની કેળવણીપ્રિયતા બતાવી આપી છે. પ્રાપ્ત થયેલ ચંચળ લક્ષ્મીનો સુકૃતના કાર્યોમાં વિશેષ ને વિશેષ સદ્વ્યય કરી તેઓ સ્વમાનવજીવન સફળ કરે અને પરમાત્મા તેમને જનહિતનાં અનેક કાર્યો કરવા દીર્ઘાયુષ્ય અર્પે એવી એમે ઇચ્છા રાખીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સભાના માનવંતા પેટ્રન



શ્રીયુત મોહનલાલ તારાચંદ શાહ

શ્રી મહોદય પ્રેસ–ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

सम्यग्दर्शनज्ञानचारित्राणि मोक्षमार्गः

# જૈન ધર્મ પ્રકાશ

પુસ્તક ૬૦ મું | અંક ૮ મો | જ્યેષ્ઠ | વીર સં. ૨૪૭૦ | વિ. સં. ૨૦૦૦

मोक्षार्थिना प्रत्यहं ज्ञानवृद्धिः कार्या । ( મુદ્રાલેખ )

## શ્રી સુમતિજિન સ્તવન

( વીરજિણંદ જગત ઉપકારી–એ દેશી )

સુમતિ જિનેશ્વર સાહિબ સાચો, અનુભવમાંહિ આવે રે;
દેવ બહુલ ઇણ જગમાં જોતા, કોઇ નહિ જિન તોલે રે. ॥ ૧ ॥

અવર અજ્ઞાને રાગે દ્વેષે, સુમતિનાથ વિરાગે રે;
અવર કુચેષ્ટિત કર્મ–જંજાલે, પણ સુમતિ છે દૂરે રે. ॥ ૨ ॥

સર્વ જન્તુ સુખકારક સુંદર, ભાવદયા ન વીસરે રે;
સુમતિ જિનેશ્વર સેવે સુંદર, ભવ ત્રીજે દુઃખ ભંજે રે. ॥ ૩ ॥

દર્શન સપ્તક ક્ષય કરી લીધું, ક્ષાયિક સમકિત શુદ્ધ રે;
ઘાતી કર્મ ખપાવી લીધું, કેવળજ્ઞાન વિશુદ્ધ રે. ॥ ૪ ॥

તીર્થ સ્થાપના સુંદર કીધી, ભવિજનને હિતકાર રે;
ગણધર મુનિને ત્રિપદી દીધી, સર્વ લોકમાં સાર રે. ॥ ૫ ॥

નિજપદરામી આતમરામી, અંતરજામી નાથ રે;
સેવું **પ્રેમ** ધરી હિતકામી, રુચક મળ્યો શિવસાથ રે. ॥ ૬ ॥

મુનિરાજ શ્રી રુચકવિજયજી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ છંદ

સમરી મન શારદ ભાવ ધરી, સ્તવશું જિન પાસ સુચિત્ત કરી;
શંખેશ્વરમંડણ ત્રિજગધણી, કીરતિ કમલા મહીમાંહે ઘણી. ૧
અશ્વસેન નરેશ્વર ચિર ધ્યાતા, વામાદે રાણી જસ માતા;
વાણારસી નયરી જેહતણી, કીરતિ કમલા મહીમાંહે ઘણી. ૨
શુભ નીલ વરણ તનુ અતિ સોહે, દેખી નરનારી મન મોહે;
પ્રભુની પ્રભુતા કિમ જાએ ગણી, કીરતિ કમલા મહીમાંહે ઘણી. ૩
જસ નામે હય ગય રથ છાજે, ઘર પંચ શબ્દ વાજા વાજે;
લીલા લીખમી લાભે બિમણી, કીરતિ કમલા મહીમાંહે ઘણી. ૪
અરિયણ આપદ દૂરે જાવે, ઘણી ઋદ્ધિ સિદ્ધિ સંપદ પાવે;
પદવી પ્રભુતા ઇન્દ્રાદિતણી, કીરતિ કમલા મહીમાંહે ઘણી. ૫
અરિ અહી તસ્કર દૂરે નાશે, કરિ હરી જલ જલણાદિક નાશે;
તનુ પીડ ટલે તુમ નામ ભણી, કીરતિ કમલા મહીમાંહે ઘણી. ૬
તેં કમઠ હઠીનો મદ વાર્યો, અહિ યુગલ બલંતો ઉગાર્યો;
પદવી દીધી ધરણેન્દ્રતણી, કીરતિ કમલા મહીમાંહે ઘણી. ૭
કૃષ્ણે નિજ કષ્ટ પડ્યે ધ્યાયો, તવ તું પાતાલથકી આવ્યો;
કરી સાર તેં યદુપતિ સૈન્યતણી, કીરતિ કમલા મહીમાંહે ઘણી. ૮
તુમ નામે સંકટ વિકટ ટલે, વિછડીયા વલ્લભ આવી મલે;
વળી પામે ઋદ્ધિ રમા રમણી, કીરતિ કમલા મહીમાંહે ઘણી. ૯
તું તાત માત બંધવ સાચો, સમરથ સાહિબ સુરઘટ જાચો;
મનવંછિત પૂરણ અમર મણિ, કીરતિ કમલા મહીમાંહે ઘણી. ૧૦
ઇત્યાદિક તુમ ગુણ અતિ બહુલા, મુજથી કેમ કહેવાય સઘલા ?
તું અગમ અગોચર અકળ ધણી, કીરતિ કમલા મહીમાંહે ઘણી. ૧૧
પંડિત હિત સેવક જિન પભણે, પરભાતે જે તુમ નામ થુણે;
તે પામે સંપત્તિ સહસગુણી, કીરતિ કમલા મહીમાંહે ઘણી. ૧૨

**કલશ**

ઘણી કીર્તિ જગમાંહે, પાસ તુમ પ્રગટ સાચી,
કરે ગીત ગુણગાન, દેવ દેવી મન માચી;
સઘલે દેશથી લોક, સમૂહ મિલીયા આવે,
જે સેવે તુમ પાય, તહ સુખ સંપત્તિ પાવે. ૧૩
જિનવિજય કહે જગદીશ તું, દેવ એક ત્રિભુવનધણી;
જયો જયો પાસ શંખેશ્વરા, તું આસ પૂરે અમ મનતણી. ૧૪

સંગ્રાહક-મુનિશ્રી વિદ્યાનંદવિજયજી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી મલ્લિનાથ જિન સ્તવન

( ગોવિંદા ગુણ ગાઓ રે, ગોપાલે ગુણ ગાઓ રે, સહુએ નરનાર—એ રાગ )

મલ્લિ જિનંદ ગુણ ગાઓ રે, તીર્થપતિ ગુણ ગાઓ રે, ભવિયાં નરનાર.
પ્રભાવતી માતાના જાયા, કુંભ નૃપ તનયા કહેવાયા, (૨)
મિથિલાપુરીમાં જન્મ પામ્યા રે–ભવિયાં નરનાર. મલ્લિ૦ ૧
દેવલોકથી ચવીને, બત્રીશ સાગર સુખ ભોગવીને, (૨)
સ્ત્રીવેદે પ્રભુજી પધાર્યા રે–ભવિયાં નરનાર. મલ્લિ૦ ૨
નિકાચિત માયાનાં કર્મો, ઉદય આવ્યા બંધન ધર્મો, (૨)
સ્ત્રીવેદના જાણો એ મર્મો રે–ભવિયાં નરનાર. મલ્લિ૦ ૩
પુણ્યવતી પુત્રીને નીરખે, માતપિતાનાં હૈડાં હરખે, (૨)
તીર્થંકરપદની એ દેવી રે–ભવિયાં નરનાર. મલ્લિ૦ ૪
જ્ઞાનગુણમાં અધિક શોભે, સોળ કળાઓ વિધવિધ ઓપે, (૨)
નીલરંગે જગ મોહે રે–ભવિયાં નરનાર. મલ્લિ૦ ૫
હોંશભર્યા નૃપતિઓ આવ્યા, પરણવાના કોડે ભરમાવ્યા, (૨)
પુતળી દૃષ્ટાંતે પ્રતિબોધ્યા રે–ભવિયાં નરનાર. મલ્લિ૦ ૬
પતંગ બની દીપકમાં પડતાં, લક્ષ ચોરાશી ફેરા ફરતા, (૨)
એ જીવો સુખમાં નહિ ઠરતા રે–ભવિયાં નરનાર. મલ્લિ૦ ૭
અખંડ બ્રહ્મચર્ય પાળી, જ્ઞાનધ્યાનમાં જીવન ગાળી, (૨)
સંસારના મોહ ઉતારી રે–ભવિયાં નરનાર. મલ્લિ૦ ૮
માગશર શુદિ એકાદશી કહીએ, ત્રિકલ્યાણિક તિથિ ગણીએ, (૨)
ભણીએ અનંત ગુણગામી રે–ભવિયાં નરનાર. મલ્લિ૦ ૯
તૃષ્ણાના અંકુરો ત્યાગી, આત્મ ગુણના થયા અનુરાગી, (૨)
ભાંગી છે ભવની ભટ્ટીયારી રે–ભવિયાં નરનાર. મલ્લિ૦ ૧૦
સમકિતથી ભવ ત્રીજે જાણો, મોક્ષ ગયા જિનવર પ્રમાણો, (૨)
ઉત્કટ વૈરાગ્ય ધારા જાણો રે, ભવિયાં નરનાર. મલ્લિ૦ ૧૧
અનંત કાળે આશ્ચર્ય ઉપજ્યાં, સ્ત્રીવેદે તીર્થંકર જન્મ્યા, (૨)
સમેતશિખર સિદ્ધિ પામ્યા રે–ભવિયાં નરનાર. મલ્લિ૦ ૧૨
સાધક બોધક પ્રભુ નામ તમારાં, લેતાં દુઃખડાં જાય હમારાં, (૨)
હૃદયમાં થાય અજવાળાં રે–ભવિયાં નરનાર. મલ્લિ૦ ૧૩
લળી લળીને આજે નમીએ, ભાવે પ્રભુના ગુણ સ્મરીએ. (૨)
કાળલબ્ધિએ જઇ મળીએ રે–ભવિયાં નરનાર. મલ્લિ૦ ૧૪
સમ્યગ્ભાવે ભક્તિ કરતાં, અનેક જીવો પાર ઉતરતાં, (૨)
"પ્રકાશ" (સિદ્ધ)ના સ્થાનમાં જઇ ઠરતાં રે–ભવિયાં નરનાર. મલ્લિ૦ ૧૫

મગનલાલ મોતીચંદ શાહ–વઢવાણ કેમ્પ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જૈન સ્ત્રીકવિ બાઈ માણેક

( સં. દુર્લભકુમાર ગાંધી-રાજકોટ )

જૈન સાહિત્યમાંથી આજ સુધીમાં સ્ત્રીકવિ તરીકે માત્ર બાઇ માણેકનું જ નામ મળી આવે છે. એમનો જન્મ સંવત્ ૧૮૯૯ માં કાઠિઆવાડમાં થયો હતો. એમનું આધ્યાત્મિક જીવન, ભક્તિભાવ અને વીતરાગ પદની આરાધના એ સૌ મનન કરવા યોગ્ય છે. એમની પરંપરા અને માન્યતા મૂર્તિપૂજક તપાગચ્છમાં હતી. એમણે સ્તવનો, ભજનો, પદો વગેરે છૂટક છૂટક પણ સુંદર ભાષામાં રચેલા છે. દા. ત.—

**નેમિનાથ:—**

નેમિનાથનો દેશ અલૌકિક, વહાલો અતિશય લાગે જી;
વરતે આનંદમંગલ નિત્યે, ભ્રાંતિ મનની ભાગે જી. ને૦ ૧
લક્ષણથી બાંધ્યામાં નાવે, વાણીથી છે ન્યારો જી;
ધ્યાની કોઈક ધ્યાને દેખે, મથન કરે હિ સારો જી. ને૦ ૨
કરમ ભરમનો ત્યાં નહિ વાસો, સુખ સુખનો રાશિ જી;
આરાધક તે બહુ સુલભ છે, અલખ પુરુષ અવિનાશી જી. ને૦ ૩
ત્રણે લોકથી ન્યારો ખેલે, ન મળે જાતિ ભાતિ જી;
નિજમાં નિજ ભજે તે દેખે, સુરતા ઉલટ સમાતી જી. ને૦ ૪
પરવસ્તુમાં મોહ હોય ત્યાં, દર્શન કદિ ન થાતાં જી;
નિજ ને પરનો ભેદ સમજે તે, નિજમાં નિજ સમાતા જી. ને૦ ૫
સો શાણાની એક અક્કલ છે, પ્રેમ પદારથ પોતે જી;
બાઇ માણેકને વાણી પ્રગટી, મરવું મટયું કમોતે જી. ને૦ ૬

**શ્રી સીમંધરસ્વામી:—**

પ્રાતઃ સમે સીમંધરસ્વામી, ભાવ ધરીને ભજીએ જી;
સમવસરણમાં બેઠા નિરખી, પર ભાવો સૌ તજીએ જી. પ્રા. ૧
નિજ શુદ્ધ ચેતન સ્વામ સીમંધર, સમવસરણ નિજ વિભવ જી;
ધ્યાન ધરતાં નિજનું નિજમાં, ટળતાં આ ભવ પરભવ જી. પ્રા. ૨
ત્રિગડો બેઠક જગજાહેર છે, દર્શન જ્ઞાન ચારિત્રો જી;
દીએ દેશના સર્વ જીવોને, નહિ કો શત્રુ મિત્રો જી. પ્રા. ૩
ઈંદ્ર અને ઇંદ્રાણી આવી, પૂજે પ્રભુના પાયો જી;
સહુને શાંતિ પ્રગટે દિલમાં, હોય રંક કે રાયો જી. પ્રા. ૪
પ્રભુ વિરાજે નિજ સ્વભાવે, પરથી નહિ પ્રસંગો જી;
ઉદયાધીન ઉપદેશ પ્રગટતાં, રચાય બાહિર અંગો જી. પ્રા. ૫
પ્રભુ નથી કર્તા કે ભોક્તા, પ્રભુ રહ્યા નિજ પદમાં જી;
બાઈ માણેકને વાણી પ્રગટી, દષ્ટિ ગઇ બે હદમાં જી. પ્રા. ૬



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી પ્રશ્નસિંધુ

(૮)

રચયિતાઃ—આ. શ્રી વિજયપદ્મસૂરિ.

( અનુસંધાન પૃષ્ઠ ૨૦૧ )

૧૦૩. **પ્રશ્ન**—જ્ઞેય અને ઉપાદેયાદિ પદાર્થોમાંનાં કયા પદાર્થોને ઉદ્દેશીને યમ અને નિયમની પ્રવૃત્તિ થાય છે?

ઉત્તર—ત્યાગ કરવા લાયક પદાર્થોને ઉદ્દેશીને યમ અને નિયમ શબ્દની પ્રવૃત્તિ થાય છે. એટલે **यावज्जीव** સુધીનું જે પ્રત્યાખ્યાન કરાય તે યમ કહેવાય, ને અમુક મુદ્દત સુધી જે અભક્ષ્યાદિનું પ્રત્યાખ્યાન કરાય તે નિયમ કહેવાય, એમ સમ્યક્ત્વકૌમુદી વગેરે અનેક ગ્રંથોમાં જણાવ્યું છે. તેમાં પાઠ છે કે—**यमश्च नियमश्चेति, द्वौ त्याज्ये वस्तुनि स्मृतौ ॥ यावज्जीवं यमो ज्ञेयः, सावधिर्नियमः स्मृतः ॥ १ ॥**

૧૦૪. **પ્રશ્ન**—અઢીદ્વીપના પાંચે મેરુ ઊંચાઇમાં એક સરખા છે કે નાના મોટા?


ઉત્તર—જંબૂદ્વીપના મેરુનું પ્રમાણ લાખ યોજનનું છે અને ધાતકી ખંડના બે મેરુ અને પુષ્કરવર દ્વીપાર્ધના બે મેરુ–કુલે ચારે મેરુપર્વતો જંબૂદ્વીપના મેરુ કરતાં નાના છે, કારણ કે—તે ચારેનું પ્રમાણ ૮૫ હજાર યોજન છે, એમ શ્રી હેમચંદ્રસૂરિ મહારાજે ત્રિષષ્ટિશલાકા પુરુષચરિત્રમાં જણાવ્યું છે. **चत्वारो मेरवः क्षुद्राः धातकीपुष्करार्द्धयोः ॥ योजनानां पञ्चदश सहस्रा मेरुतोऽणवः ॥ १ ॥**

૧૦૫. **પ્રશ્ન**—નવ ગ્રૈવેયકની ઉપર રહેલા પાંચ અનુત્તર વિમાનોનાં નામ કયા કયા?

ઉત્તર—૧ વિજય. ૨ વૈજયંત. ૩ જયંત. ૪ અપરાજિત. ૫ સર્વાર્થસિદ્ધ. આ રીતે પાંચ અનુત્તર વિમાનના નામો શ્રી પ્રજ્ઞાપનાસૂત્રાદિમાં જણાવ્યા છે.

૧૦૬. **પ્રશ્ન**—એ પાંચે અનુત્તર વિમાનો કેવા પ્રકારે રહ્યા છે?

ઉત્તર—૧ વિજય વિમાન–પૂર્વદિશામાં. ૨ વૈજયંત વિમાન–દક્ષિણ દિશામાં. ૩ જયંત વિમાન–પશ્ચિમ દિશામાં. ૪ અપરાજિત વિમાન–ઉત્તર દિશામાં છે. આ ચારેની મધ્યમાં સર્વાર્થસિદ્ધ વિમાન જાણવું. **સ્થાપના:—**




કહ્યું છે કે—

**विजयं वैजयन्तं च, जयन्तं चापराजितम्।**
**प्राक् क्रमेण विमानानि, मध्ये सर्वार्थसिद्धकम् ॥१॥**

૧૦૭. **પ્રશ્ન**—પાંચે અનુત્તર વિમાનોમાં રહેલા દેવોની ભવસ્થિતિનું પ્રમાણ શું?

ઉત્તર—આયુષ્યનું બીજું નામ ભવસ્થિતિ છે. વિજયાદિ ચારે વિમાનોમાં રહેલા દેવોનું જઘન્ય આયુષ્ય ૩૧ સાગરોપમનું ને



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉત્કૃષ્ટ ૩૨ સાગરોપમનું જાણવું. આ બાબતમાં ચોથા અંગ તરીકે પ્રસિદ્ધ શ્રી સમવાયાંગમાં જઘન્ય ૩૨ સાગર ને પ્રજ્ઞાપનાસૂત્ર ને બૃહત્સંગ્રહણીમાં ઉત્કૃષ્ટ આયુષ્ય ૩૩ સાગરોપમ કહ્યું છે. એ જ પ્રમાણે તત્ત્વાર્થસૂત્રના ચોથા અધ્યાયના– **परतः परतः पूर्वापूर्वाऽनन्तरा ॥ ४२ ॥** આ સૂત્રના ભાષ્યમાં પણ શ્રી ઉમાસ્વાતિ વાચકે કહ્યું છે. તથા સર્વાર્થસિદ્ધ વિમાનમાં દેવોનું અજઘન્યોત્કૃષ્ટ સ્વરૂપે ૩૩ સાગરોપમનું આયુષ્ય જાણવું. અહીંના દેવોના આયુષ્યની બાબતમાં જઘન્ય વિભાગ કે ઉત્કૃષ્ટ વિભાગ છે જ નહિ, તેથી અજઘન્યોત્કૃષ્ટ ૩૩ સાગરોપમ કહ્યા છે.

૧૦૮. પ્રશ્ન—શ્રી, હ્રી વગેરે દેવીઓ દેવોની ચાર નિકાય પૈકી કઇ નિકાયમાં રહે છે? ઉત્તર—એ દેવીઓ ભુવનપતિ નિકાયની છે, એમ શ્રી બૃહત્સંગ્રહણી સૂત્રની ટીકા વગેરે ગ્રંથોમાં જણાવ્યું છે.

૧૦૯. પ્રશ્ન—આમ ગોરસ અને દ્વિદલનું સ્વરૂપ શું?

ઉત્તર—દૂધ, દહીં ને છાશ આ ત્રણ પદાર્થો ગોરસ કહેવાય. આ ત્રણને જ્યાં સુધી ઊનાં ન કર્યાં હોય ત્યાંસુધી તે આમ ગોરસ કહેવાય. વળી જેની સરખી બે ફાડ થતી હોય, તેમજ જેને પીલવાથી તેલ ન નીકળતું હોય એવા અડદ, મગ, તુવેર, વાલ, ચોળા વગેરે તથા તેની ભાજી વગેરે પણ દ્વિદલ ગણાય છે. પણ બદામ પસ્તા ચારોળી વગેરે દ્વિદલ ન કહેવાય, કારણ કે તેમાંથી તેલ નીકળે છે. આ દ્વિદલનું લક્ષણ રત્નસંચય ગ્રંથમાં આ પ્રમાણે કહ્યું છે કે–ઘંટી વગેરે યંત્રમાં પીલતાં જેમાં નખીયા હોય તે દ્વિદલ કહેવાય. તેની બે ફાડ થઇ તો પણ તેમાં નખીયા રહે છે માટે તે દ્વિદલ કહેવાય છે. કહ્યું છે કે—**जम्मिय पीलिज्जंते, जं होइ नहोय तं विदलं ॥ विदलेऽवि हु निष्फन्नं तहु न जहाय तो विदलं ॥ ४०४ ॥** કાચા (ઉના કર્યા વિનાના) ગોરસની સાથે દ્વિદલ ન જ ખવાય, કારણ કે એ ભેગાં થતાંની સાથે જરૂર જીવોત્પત્તિ થાય છે.

૧૧૦. પ્રશ્ન—જ્યોતિષ્ક દેવોના પાંચ ભેદોમાં ચંદ્ર અને સૂર્ય એકેક ગણ્યા, તેનું શું કારણ?

ઉત્તર—જાતિની અપેક્ષાએ એકેક સૂર્ય ચંદ્ર ગણ્યા છે, તેથી સૂર્ય ચંદ્રો વધારે પણ હોય એમ સમજવું.

૧૧૧. પ્રશ્ન—અઢીદ્વીપમાંના દરેક દ્વીપમાં કેટલા સૂર્ય ચંદ્ર હોય?

ઉત્તર—જંબૂદ્વીપમાં બે સૂર્ય ને બે ચંદ્રમા, લવણસમુદ્રમાં ચાર સૂર્ય ને ચાર ચંદ્રમા, ધાતકીખંડમાં બાર સૂર્ય ને બાર ચંદ્રમા તથા કાલોદધિ સમુદ્રમાં ૪૨ સૂર્ય ને ૪૨ ચંદ્રમા અને પુષ્કરવર દ્વીપાર્ધમાં ૭૨ સૂર્ય ને ૭૨ ચંદ્રમા હોય છે. આ રીતે ૧૩૨ સૂર્ય ને ૧૩૨ ચંદ્રમા અઢીદ્વીપમાં હોય છે. વિશેષ બીના સૂર્યપ્રજ્ઞપ્તિ ટીકાદિમાં જણાવી છે.

૧૧૨. પ્રશ્ન—શ્રી પ્રજ્ઞાપના સૂત્રાદિમાં દેવોના ચાર ભેદ કહ્યા ને શ્રી ભગવતીજીમાં દેવોના પાંચ ભેદ કહ્યા, તેનું શું કારણ?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉત્તર—ભાવ દેવને લક્ષ્યમાં રાખીને શ્રી શ્યામાચાર્ય ભગવંતે શ્રી પ્રજ્ઞાપના સૂત્રમાં દેવના ચાર ભેદો જણાવ્યા છે. એ જ અપેક્ષા જ્યાં જ્યાં ચાર ભેદો જણાવ્યા હોય ત્યાં સર્વત્ર સમજવી. તેમજ પૂજ્યત્વાદિ ગુણ વગેરેને લક્ષ્યમાં રાખીને શ્રી સુધર્માસ્વામીજીએ શ્રી ભગવતી સૂત્રના ૧૨ મા શતકના નવમા ઉદ્દેશાના ૪૬૧ મા સૂત્રમાં પાંચ ભેદો જણાવ્યા છે. આ રીતે અપેક્ષા જુદી જુદી હોવાથી દેવોના અનેક ભેદો વિવિધ પ્રકારે થઇ શકે છે. જેમ પ્રવચનસારોદ્ધારમાં જીવના ૫૮૪ તથા ૫૬૩ ભેદો જુદી જુદી રીતે બતાવ્યા છે.

૧૧૩. પ્રશ્ન—વિજય, વૈજયંતાદિ રાજધાનીઓના કિલ્લાઓની ઊંચાઇ કેટલી?

ઉત્તર—શ્રી જીવાભિગમસૂત્રમાં ૩૭ા યોજન કહી છે, શ્રી સમવાયાંગસૂત્રમાં ૩૭ યોજન કહી છે. સાચો નિર્ણય કેવલી જાણે.

૧૧૪. પ્રશ્ન—દેવલોકની વાવડીઓમાં માછલાં વગેરે હોય કે નહિ?

ઉત્તર—માછલાં વગેરે જીવો ન હોય, પરંતુ પૃથ્વીના પરિણામરૂપ મત્સ્યાદિના આકાર માત્ર હોય. કહ્યું છે કે–"**सुरलोयवावीमज्झे मच्छाइजलयरा नत्थि**"

૧૧૫. પ્રશ્ન—આઠ સમયના કેવલિસમુદ્ઘાતમાં કયે કયે સમયે ઔદારિકાદિ કાયયોગ હોય?

ઉત્તર—પહેલા સમયમાં ને આઠમા સમયમાં ઔદારિક કાયયોગ હોય, બીજા છઠ્ઠા સાતમા સમયમાં ઔદારિક મિશ્ર કાયયોગ, ત્રીજા ચોથા પાંચમા સમયમાં કાર્મણ કાયયોગ હોય છે. આ બાબતમાં ઉમાસ્વાતિ વાચકે પ્રશમરતિમાં કહ્યું છે કે—**औदारिकप्रयोक्ता प्रथमाष्टमसमययोरसाविष्टः ॥ मिश्रौदारिकयोक्ता सप्तमषष्ठद्वितीयेषु ॥१॥ कार्मणशरीरयोगी चतुर्थके पञ्चमे तृतीये च ॥ समयत्रये च तस्मिन्भवत्यनाहारको नियमात् ॥ २ ॥** ત્રીજા ચોથા પાંચમા સમયમાં કેવલી ભગવંતને અનાહારકપણું હોય છે. ઔદારિક મિશ્રકાયયોગમાં મિશ્રતા કાર્મણની સાથે છે, એમ સમજવું.

૧૧૬. પ્રશ્ન—તે જ વર્તમાન ભવમાં મોક્ષે જનારા જીવો કયા કયા?

ઉત્તર—શ્રી તીર્થંકર દેવો, ગણધર મહારાજા, ચાર વાર જેઓએ આહારક શરીર કર્યું છે તેવા જીવો તદ્ભવમોક્ષગામી જાણવા, એમ લબ્ધિસ્તોત્રાદિ અનેક ગ્રંથોમાં જણાવ્યું છે.

૧૧૭. પ્રશ્ન—એકાવતારી દેવો કયા?

ઉત્તર—સર્વાર્થસિદ્ધ વિમાનના દેવો નિશ્ચયે કરી એકાવતારી જાણવા. લોકાંતિક દેવો એકાવતારી હોય છે, એમ શ્રી પ્રદ્યુમ્નસૂરિ મહારાજે વિચારસારપ્રકરણની ૧૨૩ મી ગાથામાં જણાવ્યું છે. દેવલોકમાં રહેલા તે તીર્થંકરના જીવો કે જેઓ દેવાયુષ્ય પૂરું કરીને તરત જ છેલ્લા મનુષ્ય ભવમાં આવી મોક્ષે જવાના છે તેઓ પણ એકાવતારી કહેવાય. એક વાર મનુષ્યભવ પામીને જેઓ મોક્ષે જાય તેઓ એકાવતારી કહેવાય.

For Private And Personal Use Only

૧૧૮. પ્રશ્ન—વૈમાનિક દેવોના અપેક્ષાએ ૩૮ ભેદો થાય છે, તે કઈ રીતે ?

ઉત્તર—બાર દેવલોકના દેવોના ૧૨, લોકાંતિક દેવોના ૯, કિલ્બિષીયાના ૩, નવ ગ્રૈવેયકના ૯, પાંચ અનુત્તર વિમાનોના ૫ ભેદો. આ રીતે ૩૮ ભેદ જાણવા.

૧૧૯ પ્રશ્ન—ભાવ દેવનું સ્વરૂપ શું ?

ઉત્તર—દેવલોકમાં રહેલા દેવાયુષ્યને ભોગવનારા દેવો ભાવ દેવ કહેવાય. તેના જ ભુવનપતિ, વ્યંતર, જ્યોતિષ્ક અને વૈમાનિક આ રીતે ચાર ભેદો શ્રી જીવ-વિચાર વગેરેમાં જણાવ્યા છે. ૧૧૯

૧૨૦. પ્રશ્ન—ભાવ દેવોના ૩૫૬ ભેદો કઇ રીતે થઇ શકે ?

ઉત્તર—ભુવનપતિના ૧૦ ભેદ, પરમાધાર્મિક દેવોના ૧૫ ભેદ, વ્યંતરના ૧૦૫ ભેદ, જ્યોતિષ્ક દેવોના ૧૦ ભેદ, વૈમાનિક દેવોના ૧૧૮ મા પ્રશ્નમાં જણાવેલા ૩૮ ભેદો સર્વ મળી ૧૭૮ ભેદ થયા. તે સર્વના પર્યાપ્તા અને અપર્યાપ્તા આ બે ભેદ ગણુતાં ૩૫૬ ભેદો જાણુવા.

૧૨૧. પ્રશ્ન—પરમાણુ શાશ્વત છે કે અશાશ્વત ?

ઉત્તર—દ્રવ્યની અપેક્ષાએ પરમાણુ શાશ્વત અને પર્યાયની અપેક્ષાએ પરમાણુ અશાશ્વત છે. આ બાબતમાં શ્રી ભગવતી સૂત્રમાં કહ્યું છે કે-**परमाणुपुग्गले णं भंते ! सासए असासए !** ઉત્તર—**गोयमा ! सिय सासए सिय असासए ॥ से केणट्ठेणं भंते एवं वुच्चइ ? गोयमा ! दव्वट्ठयाए सासए पज्जवट्ठयाए असासएत्ति ॥**

૧૨૨. પ્રશ્ન—પુણ્યાનુબંધી પુણ્યનું સ્વરૂપ શું ?

ઉત્તર—પાછલા ભવમાં બાંધેલા પુણ્ય કર્મનો અબાધાકાલ પૂરો થતાં જ્યારે ચાલુ ભવમાં તેનો ઉદય થાય ત્યારે તેનો અનુભવ કરતાં દાન, શીલ, તપ, ભાવ વગેરે પુણ્યકર્મના સાધનો સેવી નવું પુણ્યકર્મ બાંધે. આવું જે પુણ્ય તે પુણ્યાનુબંધી પુણ્ય કહેવાય. અહીં જૂનાં પુણ્ય કર્મના ઉદયકાળમાં નવાં પુણ્યકર્મો બંધાય છે. આ પુણ્યાનુબંધી પુણ્યનું રહસ્ય છે. આવા પુણ્યકર્મના ઉદયથી મળેલ લક્ષ્મી વગેરેનો દાનાદિ સત્કાર્યોમાં સદુપયોગ થઇ શકે છે, માટે જ આવા પુણ્યના ઉદયવાલા જીવો સાતે ક્ષેત્રોને પોષીને આત્મકલ્યાણુ કરે છે. અહીં દૃષ્ટાંત તરીકે ભરત ચક્રવર્ત્તી, અભયકુમાર વગેરે જાણુવા. ભરત ચક્રવર્ત્તી પાછલા ભવના પુણ્ય કર્મના ઉદયથી આ ભવમાં ચક્રવર્ત્તીપણું પામ્યા. તે સ્થિતિમાં પણુ દાનાદિની આરાધના કરી, આરીસા ભુવનમાં અનિત્ય ભાવના ભાવતાં કેવલજ્ઞાન પામ્યા. મુનિવેષ અંગીકાર કરી, એક લાખ પૂર્વ સુધી પૃથ્વીતલ ઉપર મુનિપણે વિચરી, સ્વપરતારક બની મુક્તિ પામ્યા. અભયકુમાર મંત્રી પણુ પાછલા ભવની પુણ્યાઇથી અહીં રાજપુત્ર થયા. અવસરે પ્રભુશ્રી મહાવીરદેવ પાસે પરમ ઉલ્લાસથી નિર્મલ સંયમની સાત્વિકી આરાધના કરી સર્વાર્થસિદ્ધ વિમાનમાં એકાવતારી દેવપણું ઉત્પન્ન થયા. ત્યાં તેત્રીશ સાગરોપમનું આયુષ્ય પૂર્ણ કરી મનુષ્ય ભવ પામી મોક્ષે જશે.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૧૨૩. પ્રશ્ન—પુણ્યાનુબંધી પાપનું સ્વરૂપ શું ?

ઉત્તર—આની સામાન્ય વ્યાખ્યા એ છે કે–જે પાપના ઉદયકાળમાં પુણ્ય બંધાય, તે પુણ્યાનુબંધી પાપ કહેવાય. એટલે પાછલા ભવમાં કરેલ પાપકર્મોનો અબાધાકાળ વીત્યા બાદ જ્યારે ઉદય થાય, તે વખતે દુઃખી સ્થિતિમાં પણ મુનિરાજ વગેરેનો ઉપદેશ સાંભળી, ધર્મારાધન કરી નવા પુણ્યકર્મો બાંધે, આવા પ્રકારનું જે પાપ તે પુણ્યાનુબંધી પાપ કહેવાય. અહીં આર્દ્રકુમાર, અવંતી સુકુમાલના પાછલા ભવનો જીવ મચ્છીમાર વગેરેના દષ્ટાંતો જાણવા. સંયમની વિરાધના કરવાથી બંધાયેલા પાપકર્મોનો ઉદય થતાં આર્દ્રકુમાર અનાર્યદેશમાં જન્મ પામ્યા, પણ અભયકુમારે મોકલેલી જિનપ્રતિમાના દર્શનથી જાતિસ્મરણ જ્ઞાન પામી, પાછલા ભવની બીના જાણી, સંયમની આરાધના કરી ઉત્તમ સુખ પામ્યા. પાછલા ભવમાં અવંતીસુકુમાલનો જીવ મચ્છીમાર હતો. પાપના ઉદયથી તે મચ્છીમારપણું પામ્યો પણ મુનિની દેશના સાંભળી, દેશવિરતિ ધર્મની આરાધના કરી તે મચ્છીમાર નલિનીગુલ્મ વિમાનમાં દેવપણે-ઉત્પન્ન થયો. શાલિભદ્ર તથા ધન્યકુમારના જીવ પાછલા ભવમાં ગરીબ સ્થિતિમાં હતા. તે ગરીબાઈ પાપકર્મના ઉદયથી પામ્યા. પણ આ ભવમાં સુપાત્રદાન પરમ ઉલ્લાસથી દેતાં તે બંને ભવાંતરમાં સુખમય માનવભવ પામ્યા. અવંતીસુકુમાલ–શાલિભદ્ર–ધન્યકુમાર આ ત્રણે ભવ્યજીવો ચાલુ ભવમાં જે સુખી હતા તે પાછલા ભવની પુણ્યાઈનું ફલ જાણવું.

૧૨૪ પ્રશ્ન—પાપાનુબંધી પુણ્યનું સ્વરૂપ શું ?

ઉત્તર—જે પુણ્યના ઉદયકાલમાં પાપકર્મો બંધાય, તે પાપાનુબંધી પુણ્ય કહેવાય એટલે આવા પુણ્ય કર્મને બાંધનારા જીવો ચાલુ ભવમાં પુણ્યોદયે સારી સ્થિતિમાં હોય છે પણ પુદ્‌ગલાનંદી બનીને તેઓ વિષયકષાયને સેવીને દુર્ગતિમાં જાય છે. અહીં દષ્ટાંત તરીકે સુભૂમચક્રવર્ત્તી વગેરે જાણવા. પાછલા ભવની પુણ્યાઈથી તે ચક્રવર્ત્તીપણું પામ્યો પણ તે ભવમાં અધર્મમય જીવન જીવીને નરકે ગયો ચક્રવર્ત્તીની બાબતમાં એવો નિયમ છે કે જો તે ચાલુ ભવમાં ચક્રવર્ત્તીપણાનો ત્યાગ કરી સંયમની આરાધના કરે તો તે મોક્ષે જાય, જેમ શ્રી શાંતિનાથ, કુંથુનાથ, અરનાથ પ્રભુ. કદાચ મોક્ષે ન જાય તો દેવલોકમાં વૈમાનિક દેવપણું પામે, જેમ સનત્કુમાર ચક્રવર્ત્તી. મમ્મણ શેઠ પાછલા ભવની પુણ્યાઈથી લક્ષ્મી પામ્યો પણ કંજુસાઈ વગેરે કારણોને લઈને સદ્‌ગતિ ન પામ્યો.

૧૨૫ પ્રશ્ન—પાપાનુબંધી પાપનું સ્વરૂપ શું ?

ઉત્તર—પાપને બંધાવનારું જે પાપ તે પાપાનુબંધી પાપ કહેવાય, એટલે પાછલા ભવમાં જીવહિંસાદિ પાપના કારણો સેવી બાંધેલા પાપકર્મોના ઉદયે આ ભવમાં જેઓ દુઃખ ભોગવી રહ્યા છે ને નવા પાપકર્મો કરી દુર્ગતિમાં જવા લાયક બને છે તેઓ પાપાનુબંધી પાપના ઉદયવાલા જાણવા. અહીં દષ્ટાંત તરીકે બિલાડી, ઉંદર વગેરે જાણવા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વીરવિલાસ

## (૧૬)[1]

**[2] મળ્યે મોહન ના ઓળખાય રે,**
**મનમાન્યા મોહનને મળીને, વિછડશો નહીં કોય.**

સાતાવેદનીયના પ્રસંગમાં આ જીવ પડી જાય ત્યારે તેને સ્વામી–ભગવાન સાંભરતાં જ નથી. એ ગાન–તાન, વિનોદ અને ધમાલમાં એટલો પડી જાય છે કે એને પોતાના જીવનમાં આદર્શ જેવી ચીજ છે તે ખ્યાલમાં પણ રહેતું નથી અને એ પોતાની નાની મોટી ઠકુરાઈમાં મલકાતો ચાલ્યો જાય છે. એ નાના ગામડામાં હોય તો નાની શેઠાઇ અને મોટા શહેરમાં હોય તો ત્યાં જમાવેલી પોતાની નાનકડી શી દુનિયામાં એ ઓતપ્રોત થઇ જાય છે, એ પોતાના નાના મોટા વેપાર કે વ્યવસાયને ધન્ય માને છે, એ પોતાની આસપાસ જમાવેલ આશ્રિતોની પ્રશંસા કે ખુશામતમાં ચકચૂર થઇ જાય છે અને પોતાને મળેલ અસાધારણ લાભમાં ફૂલાઈ જઇ ધરતી પર જાણે પગ પણ ન દેવાની સ્થિતિએ નાચતો ફરે છે.

પણ શાતાસુખમાં કે ધનમાલના ઢગલામાં પડેલા, ઉપરાંત મહાદારૂણ આપત્તિમાં પડેલા કે જેમ તેમ કરીને જીવન નભાવનારા, મોંઘવારીના પંજાથી દબાઇ ગયેલા કે મરવાને વાંકે જીવતાઓની સ્થિતિ જોઇએ કે માનસિક વિચારણામાં પોતાને આગળ વધી ગયેલા માનનારા પણ સંસારમાં સર્વસ્વ માનનારા અને આ જીવનનો બને તેટલો લાભ લેવા નીકળી પડેલા માણસોની સ્થિતિ વિચારીએ તો પણ પુદ્ગળાનંદીપણું, વિષયકષાયમાં રક્તતા, કાં તો વર્તમાન કાળમાં કાંઇ દમ નથી, ભૂતકાળ સારો હતો એવી ફરિયાદ અને અત્યારે જમીનમાં રસકસ નથી, વ્યાપારમાં કસ નથી અથવા નોકરીમાં ગુંઝ નથી, આવી આવી વાતો સિવાય બીજું કાંઇ સાંભળવામાં નહિ આવે. આવા વહેવારુ માણસને ભગવાન મળે તો તેને એ ઓળખે પણ નહિ. શાન્ત સુખમાં પડેલાને ભગવાન સાંભરે નહિ ત્યારે બાકીના સર્વને ભગવાન ભેટી જાય તો તેને ઓળખી પણ ન શકે એવી સ્થિતિ છે.

પ્રથમ ભગવાન એટલે શું? એ વિચારીએ. મહાપુરુષાર્થ કરી, પોતાનું આત્મધન ઓળખી, સ્વપરનું વિવેચન કરી, સ્વનો સ્વીકાર કરનાર અને પરનો ત્યાગ કરનાર આદર્શ વિભૂતિ. એના જેવા થવાનું આપણી સન્મુખ દૃષ્ટાંત રજૂ કરનાર, આદર્શ પૂરો પાડનાર અનુકરણીય વ્યક્તિને ભગવાન કહેવામાં આવે છે. આવા ભગવાન વહેવારમાં રચેલપચેલ

---

૧. વીરવિલાસના મથાળા નીચે ચાલુ કરેલ લેખમાળાની આ સંખ્યા છે. દરેક લેખ સ્વતંત્ર હોઇ મુખ્યતયા આગલા લેખના અનુસંધાન વગર વાંચી શકાય છે. આ લેખને આગલા ૧૫ સંખ્યાના લેખ સાથે થોડો સંબંધ છે. તેની સાથે વાંચવાથી વધારે મોજ આપે તેવો છે. સ્વતંત્ર પણ વાંચી શકાય તેમ છે.

૨. ચોસઠ પ્રકારી પૂજા પૈકી તૃતીય વેદનીય કર્મની પૂજામાં સાતમી નૈવેદ્ય પૂજાની બીજી ગાથાનો ઉત્તર વિભાગ.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રાણીને મળી જાય તો તેને એ ઓળખે પણ નહિ, તેની સાથે પ્રેમથી વાત કરે પણ નહિ, તેનો પરિચય વધારે પણ નહિ. આ વિચિત્ર લાગે તેવી વાત છે, પણ તદ્દન સાચી છે. તે આપણે જચાવીએ.

ધારો કે આજે મહાવીરસ્વામી આપણી વચ્ચે આવી જાય તો આપણો તેના તરફ શો ભાવ વર્તે ? આપણે એને જોઇને નમી પડીએ અને ઘરબારનો ત્યાગ કરી તેના અનુયાયી થઇ જઇએ કે તેનામાંથી સેંકડો ભૂલો કાઢવા લાગીએ ? તેના પર ચર્ચા કરીએ કે તેને સેવવા મંડી જઇએ ? તેના શરીર પર ઘરેણાં છે કે નહિ યા તો તે નગ્ન છે કે નહિ તે તપાસીએ કે તેના ઉપદેશના રહસ્યમાં ઊતરી તન્મય જીવન ગોઠવવા પ્રયત્ન કરીએ ? જરા પણ પ્રમાણિકપણે અંતરાત્માને આ સવાલ પૂછશું તો સાચો ઉત્તર મળશે ! આપણે એને ' મોહન ' તરીકે કદી ન જ ઓળખીએ, આપણે એના આદર્શ પર વારી નં જ જઇએ, આપણે એની પાછળ ધૂન લગાવી ' ભદંત ' અને ' ગોયમા 'નો સંબંધ ન જ જગાવી શકીએ. આવી વાત શા માટે બને છે ? આપણને અત્યારે ભગવાન મળતા નથી ? આપણે ભગવાનને ઓળખવા કદી વિચાર પણ કર્યો છે ? આપણે ભગવાનને ખરેખર મળવું છે ? આપણે તેના જેવા થવું છે ? આપણે સાચા ભગવાન થવાનો વિચાર પણ કર્યો છે ?

ખરી રીતે તો ભગવાન આવે તો તેના ઉપદેશના અવ્યવહારુપણાની વાત કરીએ. એ વર્તમાન યુગને સમજી શકયા નથી એવો તેના પર આક્ષેપ કરીએ, એ બૈરી છોકરાં વગરના હોવાથી સંસારીના આદર્શ અને સુખો શું સમજે એમ કહેવા લાગી જઇએ અને કદાચ મળી જઇએ તો કાં તો તેની સામે અક્કડ થઇને ઊભા રહીએ અથવા તેને હંબગ (humbug) અષ્ટંપષ્ટ સમજાવનાર ગોરાણીઆ વ્યક્તિ તરીકે ગણાવી તરછોડી નાખીએ. એ તદ્દન વિચિત્ર લાગે તેવું ચિત્ર છે, પણ તદ્દન સાચું છે અને પોતાની નજર સન્મુખ વૈરાગીરામ નગ્ન ત્યાગીને ખડા કરવાથી એ વાત સૂઝી આવશે અને તથ્ય સ્વીકારાઇ જશે. સારું છે કે આજે ભગવાન મળે તેમ નથી, બાકી મળે તેવું હોય તો એ પ્રાણીને તો ' એ ભગવાન એના એ ' ની દશા સમજવી.

અને ખરું વિચારીએ તો ભગવાન નથી મળતા ? નથી મળ્યા ? આપણે ધારીએ તો તેને દરરોજ મળી શકાય તેમ છે. આપણા સમાજમાં તે ઠેર ઠેર દેખાય છે, પ્રત્યેક ગામમાં દેખાય છે, પ્રત્યેક ઘરમાં દેખાય છે. આખી દુનિયા આપણને ઉપદેશ આપી રહી છે. શરીરે પતવાળા, ક્ષયથી પીડાતા, ન્યુમોનીઆનો ભોગ થતાં, પક્ષઘાતના વ્યાધિ-ગ્રસ્તો સર્વ ઉપદેશ આપી રહેલ છે. પેટને માટે ગમે તેટલા વલખાં મારનારા ઉપદેશ આપી રહેલ છે અને પ્રત્યેક જનાવર પશુ પક્ષી ઉપદેશ આપે છે. આપણે એ સાંભળતો નથી. બાકી આપણાં આદર્શ સમજાવે અને સ્પષ્ટ કરે એ પ્રત્યેક આપણો ' મોહન ' છે અને શોધીએ તો આખા સમાજમાંથી મળી આવે છે, દરરોજ મળી આવે છે. પણ દુર્ભાગ્યે આપણે એ મોહનને ઓળખતા નથી.

મોહનીમાં રાચી રહેલ, ઇંદ્રિયભોગમાં જામી રહેલ, અભિમાનમાં વસી રહેલ, સગાં-સંબંધી ઇષ્ટ જનોની પ્રશંસા મેળવવામાં સર્વસ્વ સમજી રહેલ પ્રાણીને ભગવાન શોધવા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જ નથી. બાકી મરજી હોય તો ભગવાન અંતરપટમાં બેઠા છે, જાગતી જ્યોત છે, સર્વ કાળ હાજર છે. ઓળખનાર અને ઓળખાવનારની એકતા વિચારવામાં આવે, અનંત પુરુષાર્થની શક્તિનો ખ્યાલ કરવામાં આવે, ભોગનું ક્ષણિકત્વ નજરમાં રાખવામાં આવે તો ભગવાન તુરત મળી જાય અને પોતે સ્વયં ભગવાન બની જાય. પણ આને તો સંસારમાં રહી, પુત્રપરિવારની જાળવણી કરી, લગ્ન મહોત્સવના લ્હાવા લેતાં લેતાં ભગવાન મેળવવા છે અને મળી જાય તો પણ પોતાનું કાંઇ ગુમાવ્યા વગર પોતાને ભગવાન સાથે વાતો કરવી છે. એમાં એને જરા ગંભીર વિચાર પણ આવતો નથી કે આ તે કાંઇ ભગવાનને મળવાની કે ભગવન્મય થવાની રીત છે ? એમ ભગવાન મળે ખરા, અને મળે તો તેનો લાભ મળે કે તેની સાથે પરિચય થાય પણ ખરો ?

એક માણસ સામે ચાના પ્યાલા પડ્યા છે, મ્હોઢામાં સિગારેટ છે, ધૂમાડા નીકળતા જાય છે અને ભાઇશ્રી તકીઆને અઢેલી સંતને પૂછે છે કે 'સાહેબ! મોક્ષ કેમ મળે ?' સંત જવાબમાં કહે કે 'ભાઇ ! તમે તો મોક્ષનાં ગાડાં બંધાતાં હોય તો તેની સાથે પણ ભાવ પરઠો તેમાંના છો. એ બસો રૂપીઆ માગે તો તમે સવાસોથી વાત ચલાવો. હાથમાં સીગારેટ છે, સામે ચોપડી છે, તકીઆ છોડવા નથી, સિગારેટ ફેંકી દેવી નથી, ઊભા થવાની તસ્દી પણ લેવી નથી અને ખાલી વાણીવિનોદ તરીકે પૂછવું છે કે મોક્ષ કેમ મળે ? આ તે તમારા મોક્ષ જવાના લક્ષણ છે ? એનાં લક્ષણ જુદાં હોય ! ' આ હાસ્યજનક પ્રસંગ ભગવાન મેળાપ માટેની આપણી તાલાવેલી બતાવે છે, આપણી ગંભીરતા સૂચવે છે, આપણી અંતર્દશા સૂચવે છે. અને વિચારીએ કે ગામને પાદર ભગવાન આવ્યાના કોઇ સમાચાર આપે અને સરકારનું લાખ રૂપીઆનું ટેંડર ભરવાની તારીખનો છેલ્લો કલાક તે વખતે પૂરો થતો હોય તો એમાંથી કોને માટે દોડીએ ? આના જવાબમાં આપણા વિકાસની પારાશીશી છે, આના જવાબમાં આપણી પ્રગતિના માર્ગની માપણી છે, આના જવાબમાં આપણી વાસ્તવિક વિચારણાના નિર્ણયની પરાકાષ્ઠા છે.

બાકી ભગવાનને શોધવા જવું પડે તેમ નથી, એને મેળવવા માટે ભટકવું પડે તેમ નથી, અને ઓળખવા માટે એમના શરીર પર ઘરેણાં કે ધનુષ્યબાણ છે કે નહિ એનું અવલોકન કરવું પડે તેમ નથી; એ હાજરાહજુર છે, સાથે છે, બાજુમાં છે, અંતરમાં છે, ઊંડાણમાં છે અને સાચી ગંભીરતાથી શોધ્યા જડે તેવા છે.

માટે આપણે ઘેર સંત પધાર્યા છે, આપણી પાસે ભગવાન પોતે આવ્યા છે, એ આપણા જેવા જ હતા, એ આપણી સાથે રમતા ખેલતા હતા, એ આપણા આદર્શમય છે, એ સાધી ગયા તેવા આપણે પણ થઇ શકીએ છીએ અને એ ભગવાન પ્રત્યેક વ્યક્તિમાં છે, એ પોતામાં છે, એ ભગવાનને ઓળખવાની જ વાર છે અને એને સાચા ઓળખ્યા, એનું દર્શન થયું અને એના જેવા થવાની તાલાવેલી લાગી એટલે બાકીની સર્વ વાત મળી આવે છે, સર્વ સાધન સુકર થઇ પડે છે અને સર્વ આનંદનો વિસ્તાર અંદર અને બહારથી થઇ જાય છે, માટે મોહમાં પડી રહી ભગવાનને શોધવા, મોટરમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બેસી ભગવાનને ગોતવા અને અભિમાનનું પોષણ કરતાં ભગવાન મેળવવાના ધાંધલો કરવા અને ભગવાન સામે આવે ત્યારે એની ઓળખાણ પણ ન પડે, એનો પરિચય પણ ન થાય, એના જેવા થવાનો નિર્ણય તો શું પણ ખ્યાલ પણ ન થાય તો તો પછી ભારે ગૂંચવણની વાત થઇ જાય; માટે ભગવાન ક્યાં છે ? કોને મળે છે ? ક્યારે મળે છે ? પોતાને તેનો પરિચય કરવાની તમન્ના થઇ છે કે નહિ ? અને પોતે અત્યારે જેને પોતાનું માન્યું છે તેના સંબંધમાં અજબ પરિવર્તન કરવાની પોતાની ઇચ્છા થઇ છે કે નહિ તે વિચારી લેવું અને બાકી અત્યારની દશામાં તો ભગવાન દરરોજ મળે તો તેને ઓળખાય તેવું નથી એ વાતનો સ્વીકાર કરવાની સાથે જ ભગવાન અંદર બેઠા છે અને પ્રયત્નથી ઓળખાણ રાખે તેવા છે એ વાતનો પણ વિચાર કરી લેવો. બાકી 'સિદ્ધગિરિ ધ્યાવો ભવિકા, સિદ્ધગિરિ ધ્યાવો, ઘેર બેઠાં પણ બહુ ફળ પાવો ભવિકા ! બહુ ફળ પાવો.' સ્તવનમાં ભારે ભાવ ભર્યો છે તે વિચારવું. એમાં 'ભાવ અનંતે અનંત ફળ પાવે' એ મુદ્દામ વાત છે. એ પચાવતાં ન આવડે તો વ્યવહારુ સાધનધર્મોનો નાશ થઇ જાય અને સાચી વાત તો મોહ માયામાં આસક્તને સાંપડે નહિ એવી દુગ્ધામાં પડી જવાય તો અંતરમાં રહેલ 'મોહન' ને મળવાની, મળીને ઓળખવાની અને ઓળખીને તેને તેના યથાર્થ સ્વરૂપે પ્રકટ કરવાની જરૂર પર વિચાર–નિર્ણય કરવા જેવો છે અને મોહનને પ્રથમ બહારથી અને છેવટે અંદરથી ઓળખવાની ખાસ જરૂર છે. આ એક ગૂઢ વાક્યવિલાસમાં ભારે રહસ્ય રહેલું છે અને તે અનેક દૃષ્ટિબિન્દુથી વિચારણા માગે છે. એમાં રહેલ સંકેતને વ્યવહાર નિશ્ચયનો સમન્વય કરી શકનાર જ પચાવી શકે તેમ છે, પણ તેમાં આત્મદર્શનનો અદ્ભુત પ્રયોગ છે અને તેને સમજવામાં સંસારમાર્ગને અંતે સીમાચિહ્નનું સાચું દિવ્ય દર્શન છે. યોગિરાજ ગાઇ ગયા છેઃ—

**અનુભવ ગૌચર વસ્તુ કો રે, જાણવો યહ ઈલાજ;**
**કહન સુનનકો કછુ નહિ પ્યારે, આનંદઘન મહારાજ;**
**નિશાની કહા બતાવું રે.**

આ વાત ખરેખરી છે, વિચારવાથી બેસે તેવી છે, સદ્દહવાથી આનંદ આપે તેવી છે, અને જીવવાથી સાધ્ય સન્મુખ પહોંચાડી દે તેવી છે. અંતમાં મોહનને ઓળખવા આગ્રહ કરીએ, મોહન ઓળખી શકાય તેવા છે તે વાત સમજીએ, મોહન અનેક વાર મળ્યા છે અને એને ઓળખ્યા નથી એ વાત જાણી લઇએ અને મોહનને શોધવાની તમન્ના જાગશે ત્યારે એ હાથ વેંત પણ છેટા નથી એ વાત ધારી લઇએ. એ અનુભવગોચર વસ્તુ છે, એમાં કીધે કથ્યે કાંઇ દહાડા વળે તેમ નથી, એને તો જાણવાની જરૂર છે અને જાણીને બરાબર ઓળખવાની જરૂર છે. ઘરે જ છે, પાસે જ છે, શોધો અને મળશે, ઓળખો અને પોતાનો થશે, બહાર કાઢો અને તન્મય થઇ જવાશે.

મૌક્તિક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## एगोहं

મુનિરાજને દરરોજ રાત્રે કહેવાની સંથારા પોરિસીની એક ગાથાનું આ પ્રથમ પદ છે. એમાં કર્ત્તાએ એકત્વ ભાવનાનો સમાવેશ કર્યો છે. જીવ વિચારે કે હું એકલો છું, ઉપલક્ષણથી હું એકલો આવ્યો છું, એકલો જવાનો છું, સાથે કાંઇ લઇ જવાનો નથી, કાંઇ લાવ્યો પણ નથી. અહીં મળેલ કુટુંબ પરિવાર અને મેળવેલ લક્ષ્મી બધી અહીં મૂકીને જવાનો છું. તે મેળવતાં બાંધેલું પાપ મારે એકલાએ જ ભોગવવાનું છે. તેમાં કોઇ ભાગ પડાવવાના નથી. આ પ્રમાણે એકત્વ ભાવનાને લગતો આ જીવ બહુ વિચાર કરે અને પછી નિર્ણય કરે કે હું આજ સુધી બહુ ભૂલ્યો છું, ઘણી ભૂલો કરી છે પણ હવે ભૂલ નવી કરવી નથી. હવે તો ચેતી જવું છું. અહીં તો હું સહજે હસતાં હસતાં કર્મ બાંધું છું પરંતુ તે ભોગવતી વખત બહુ આકરા પડી જવાના છે. જે જીવોને પરભવનો ભય નથી, દુઃખ પામવાથી ડરતા નથી, છતી આંખે પરિણામ સુધી નજર પહોંચાડનારા નથી તે જીવો ભલે ગમે તેમ વર્ત્તે પણ હું તેમ વર્તી શકું નહીં. જો હું પણ આંખ મીંચીને દોડ્યાં જ કરું તો પછી મારામાં ને એવા અજ્ઞાનીઓમાં શું ફેર ? આ બાબતની ઉપા૦ સકળચંદજીએ, વિનયવિજય મહારાજે તેમજ યશઃસોમમુનિએ પોતાની કરેલી ભાવનાઓમાં બહુ કહ્યું છે. આ બધો ઉપર લખેલા ત્રણ અક્ષરના શબ્દનો જ વિસ્તાર છે. આ વિષય ખાસ સમજવા જેવો તેમજ વિચારવા જેવો છે. એનો વધારે વિસ્તાર પ્રસંગે જણાવીશ. કુંવરજી

## विवेक

શાસ્ત્રમાં વિવેકને નવ નિધિ ઉપરાંત દશમો નિધિ કહ્યો છે. નિધિ એનું નામ છે કે જેમાં અખૂટ દ્રવ્ય હોય. ગમે તેટલું કાઢો તો પણ ખૂટે જ નહીં. આવી ઉપમા વિવેકને આપવાનું ખાસ કારણ એ છે કે-વિવેકવંત મનુષ્ય કોઇપણ વખત ભૂલ કરતો નથી તેથી તેને પશ્ચાત્તાપ કરવાનો વખત તો આવતો જ નથી. તેનું હૃદય નિરંતર ઉલ્લસાયમાન જ રહે. વિનય વિવેકનો લઘુ બંધુ છે તેથી જ્યાં વિવેક હોય ત્યાં વિનય તો હોય જ. આ બે જ્યાં એકઠાં મળે ત્યાં નિરંતર આનંદ જ વર્ત્યા કરે. તે પરોપકારમાં પ્રવૃત્ત થાય. અનેક જીવોનું હિત કરે.

પોતાનામાં રહેલા વિવેકગુણથી અનેક મનુષ્યના કષ્ટોને દૂર કરે, માર્ગ કાઢી આપે જેથી તેની મૂંઝવણ મટી જાય. આ ગુણના સંબંધમાં જેટલું લખીએ તેટલું ઓછું છે. સમજુ મનુષ્યે નિરંતર વિવકનો ખપ કરવો. તેને ભૂલવો નહીં.

ખાસ નોંધી રાખશો કે અનુપમ રત્ન તે વિવેક છે. કુંવરજી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પરસ્પરના દ્વેષ ને ક્લેશ

પરસ્પરના દ્વેષ ને ક્લેશથી ઘણા કુટુંબો, જ્ઞાતિઓ, સમુદાયો, સંસ્થાઓ અને રાજ્યો પાયમાલ થયા છે એવું આપણે એકથી વધારે વખત જોયેલ તથા જાણેલ છે છતાં એવા દ્વેષ ને ક્લેશ કેમ તજાતા નથી ? તેનું કારણ વિચારતાં એમ જણાય છે કે—આ જીવને અનાદિ કાળથી કષાયોનો સહવાસ એવો ગાઢ થઇ ગયેલો છે કે તે કષાયો આત્માના દુશ્મનો છે છતાં તેને મિત્ર તુલ્ય માને છે અને તેને વશ થઇને ક્લેશ ને દ્વેષ તાજા જ રાખ્યા કરે છે. કદી મંદ પડે છે તો પાછા તેજ કરે છે અને પરિણામે બંને પક્ષવાળા અનેક પ્રકારની હાનિ અનુભવે છે છતાં અશુભના ઉદયથી તેને છોડતા જ નથી.

બે પક્ષમાંથી એક પક્ષ અથવા એક મનુષ્ય જો કાંઇક વિચારશીલ હોય અને તે પોતાનો આગ્રહ છોડી દે છે તો ક્લેશ શમી જતાં વાર લાગતી નથી. પરિણામે બંને પક્ષને શાંતિ ને સુખ પ્રાપ્ત થાય છે, પરંતુ જ્યાં બંને પક્ષના મનુષ્યો પોતાનો સાચો અથવા ખોટો આગ્રહ છોડતા નથી ત્યાં ક્લેશની પરંપરા ચાલે છે. આ પરંપરા આ ભવમાં જ અટકતી નથી પરંતુ ભવાંતરમાં પણ સાથે આવે છે અને ત્યાં પણ પરસ્પરને જોતાં દ્વેષ તેમજ ક્લેશ ઉપજે છે જેથી પાછા પાયમાલીમાં આવી પડે છે.

આવી બાબતમાં મારી વાત સાચી છે માટે તેને કેમ છોડું ? એવો પણ વિચાર કરવા યોગ્ય નથી. સાચી વાતનો પણ આગ્રહ તજી દેશો તો પરિણામે સાચાનો જ જય થશે પરંતુ તેને માટે જરા શાંતિ ને ધીરજ રાખવી પડે છે. સંસારમાં પરિણામે તો સત્યનો જ જય થાય છે પરંતુ તે જરા મોડો ને મોંઘો થાય છે, માટે કોઇપણ બાબતમાં ઉતાવળ ન કરવી, અકળાઇ ન જવું. મારું સાચું પણ કેમ મારું જાય છે ? તેનો વિચાર ન કરવો. સાચું તે તો સાચું જ છે, તે સાચું ઠરવાનું જ છે પણ તેને માટે બહુ ધીરજ રાખવી પડશે. આ બાબત ઉપર જણાવેલા બધા દ્વેષને લાગુ પડે છે. અહીં દરેકની જુદી જુદી વ્યાખ્યા આપી નથી. પ્રસંગે તેમ પણ કરવા ઇચ્છા વર્તે છે. તેને માટેના દૃષ્ટાંતો પણ પ્રસંગે જણાવીશ.

ક્લેશથી અને દ્વેષથી થયેલી હાનિ જો નેત્ર ખોલીને જોઇએ તો અનેક સ્થળે દૃષ્ટિગોચર થાય છે પરંતુ ક્લેશ અને દ્વેષના આવેશને વશ થયેલા મનુષ્યો તે જોઇ શકતા નથી. જો ટૂંકા વખતમાં ક્લેશ ને દ્વેષનું નિવારણ ન કરવામાં આવે તો તેના મૂળ ઊંડા જાય છે અને પછી તેનું નિવારણ કરવું મુશ્કેલ થઇ પડે છે. સાચા સુજ્ઞજનો આ બાબત વિચાર કરશે તો જરૂર તેના અંતઃકરણમાં સાચો પ્રકાશ પડશે અને સાચી વાત ઓળખાશે.

કુંવરજી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# લાયકાતના માપ : આભાર કોનો માનવો?

આજે રવિવાર હોવાથી શેઠ ચંપકલાલ નિરાંતે પોતાના બંગલાના વિશાળ બાગમાં ફરી રહ્યા હતા. એટલામાં નોકરે આવી વર્તમાનપત્રો લાવી મૂક્યાં. એક આરસની બેઠક પર બેસી શેઠે પત્રો વાંચવા માંડ્યાં. વાંચી રહ્યા બાદ એમની નજર પોતાના બંગલા પર સ્થિર થઇ. એક દિવસ એ આવા વિશાળ મહાલયનો માલેક બનશે એ ભાગ્યે જ કલ્પ્યું હશે. જેને રહેવાને નાનું સરખું મકાન પણ ન હોતું તે જ વ્યક્તિ મોટા બંગલામાં મહાલશે એવું કોણે ધાર્યું હતું? જ્યારે એ પહેલવહેલો એક સંબંધી સાથે મુંબઇ આવ્યો હતો. ત્યારે માંડમાંડ પેટિયું કાઢતી નોકરી મળી. એની ઉમર ત્યારે માત્ર ચૌદ વર્ષની હતી. રાત્રે થાકીને લોથપોથ થઇ એ સૂતો, ત્યારે એને પોતાની મા યાદ આવતી. સગાસંબંધીઓની હૂંફથી એ પૈસા કમાવા દૂર આવ્યો હતો. માનો મમતાભર્યો, થાક ઉતારી દેતો હાથ એના માથે ફરતો જોવા એ કેટલો આતુર હતો? પણ જ્યાં પોતાનું જ પૂરું થતું ન હતું ત્યાં માને ક્યાંથી તેડાવે? એની પેઢીના સામે આવેલી સ્કૂલમાંથી એ જ્યારે પોતાની વયના છોકરાઓને સાંજે મસ્તી તોફાન કરતાં ઘરે જતાં જોતો ત્યારે એ દુઃખનો નિસાસો નાંખતો. કેવા ભાગ્યશાળી છે! છે કંઇ ફીકર કે પારકાં કામ કરવાનાં? કેવું સુખી જીવન ગાળે છે? મા-બાપની છાયામાં લાડ કરતાં એ લોકો નિશ્ચિંતતાથી ભણતા હતા અને એ એમના જેટલો હોવા છતાં અત્યારથી જ રોટલો પેદા કરવાની જવાબદારી ઉઠાવી રહ્યો હતો.

શેઠ ચંપકલાલે ભૂતકાળ યાદ આવતાં એક નિઃશ્વાસ નાખ્યો, બાળપણમાં કઠોર જીવન જીવનાર એ આજે અનેક લિમિટેડ કંપનીઓના ડાયરેક્ટર હતા. અનેક સંસ્થામાં જુદા જુદા હોદ્દા ધરાવતા હતા, અને સમાજમાં અગ્રગણ્ય વ્યક્તિ ઓળખાતા હતા. શું ભાગ્યની લીલા છે! પણ એકાએક એની વિચારસૃષ્ટિમાં ભંગ પડ્યો. નોકરે આવી જણાવ્યું કે-કેટલાક ગૃહસ્થો એને મળવા આવ્યા છે. એ ઊઠીને બંગલામાં ગયા. ત્યાં કેટલાક, સમાજના પ્રતિષ્ઠિત સજ્જનો એની રાહ જોઇ બેઠા હતા. સૌનું સ્વાગત કરી શેઠે બેઠક લીધી.

"આજે આપ સૌએ મારું ઘર પાવન કર્યું." શેઠે વાત શરૂ કરી.

"શેઠ, આપ પણ શું બોલો છો? અમે તો આપને વિનંતિ કરવા આજે આવ્યા છીએ." એક જણે કહ્યું.

"શાની?"

"સમાજના આગામી અધિવેશનનું પ્રમુખસ્થાન લેવાની." સમાજના મંત્રીએ કહ્યું.

શેઠે હસતાં હસતાં કહ્યું, "આપ બધા શું મને સમાજ સમક્ષ શરમીંદો પાડવા માગો છો? અભણ માણસને એ સ્થાન આપી મારી ફજેતી કરાવવી છે? મને ન તો ભાષણ કરતા આવડે કે ન તો હું કોઇ ઉત્તમ માર્ગદર્શન કરાવી આપવા જેવી બુદ્ધિ કે વિદ્વત્તા ધરાવતો હઉં."



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સમાજના સેક્રેટરીએ કહ્યું: "શેઠ! આપ ગમે તેટલો વાત ઉડાવવા પ્રયત્ન કરો, પણ આપને અમો છોડનાર નથી. આપની સાથે નક્કી કરીને જ અમે ઊઠીશું."

શેઠે હસીને કહ્યું: "તો તો ભારે જુલમ કહેવાય."

ઘણીવાર રકઝક કર્યા પછી શેઠે સમાજના અધિવેશનનું પ્રમુખસ્થાન કબૂલ રાખ્યું, અને સાથે એ અધિવેશનના ખરચની જવાબદારી પણ માથે લીધી. પછી સૌનું ચા-પાણીથી સ્વાગત કર્યા બાદ શેઠે બધાયને વિદાય આપી અને પોતે પોતાના રૂમમાં ગયા.

અહીં આજના બનાવ પર શેઠ વિચારવા લાગ્યા: 'જેઓ એક વખત જેની સલામ ઝીલતાં પણ શરમાતા હતા તેઓ આજ તેનું ગૌરવ કરી રહ્યા હતા. જે સગાસંબંધી જેને પોતાનો સગો ગણતાં પણ લજ્જા અનુભવતા તેઓ આજે, કોઇ ન પૂછે તો પણ પોતે ચંપકલાલ શેઠના સગા છે એમ જણાવી મોટાઇ માણતા. તેનામાં, પૈસો આવતાં, જાણે ખૂબ જ્ઞાન ને બુદ્ધિ વધી પડ્યાં હોય તેમ જુદી જુદી સંસ્થા તરફથી એની સેવાની માગણી થતી. એ સંસ્થાઓની કમિટીઓમાં એનું નામ દાખલ કરવા સૌ ઉત્સુક રહેતા. જ્યારે એની પાસે મોટરો કે મકાનો નહોતાં ત્યારે કોઇને એની સેવાની જરૂર નહોતી પડતી. એનું શિક્ષણ, બુદ્ધિ જે કંઇ ત્યારે હતું, તે જ આજે છે; છતાં કોઇ એનો ભાવ પણ પૂછતું નહિ કે 'ભાઇ! તું કોણ છે?' આજે શ્રીમંત બનતાં એ લાયકાતનો ભંડાર બની ગયો હોય તેમ લોકો એની પ્રશંસા કરે છે. શું પૈસાની જગત પર અસર છે!

આખરે સમાજના અધિવેશનનો દિવસ આવ્યો. સ્વાગત સમિતિ શેઠને ધામધૂમપૂર્વક સભાસ્થાને લઇ જવા ઇચ્છતી હતી, પરંતુ શેઠે એનો અસ્વીકાર કરવાથી એ કાર્યક્રમ પડતો મૂકવો પડ્યો.

લોકોની મોટી હાજરી વચ્ચે અધિવેશનની બેઠક શરૂ થઇ. બાળાઓના પ્રાર્થનાગીત પછી શેઠને પ્રમુખસ્થાન આપવાની વિધિ કરવામાં આવી. ત્યારબાદ સ્વાગતકમિટીના પ્રમુખે સૌને આવકારતું ભાષણ વાંચ્યું. પછી ચંપકલાલ શેઠે ભાષણ શરૂ કરતાં કહ્યું:

"સન્નારીઓ અને સજ્જનો! આજે આપ સૌએ મને આ અધિવેશનનું પ્રમુખસ્થાન આપી મારું જે ગૌરવ કર્યું છે તેને માટે કોનો આભાર માનવો તેના વિચારમાં હું ગૂંચવાઇ ગયો છું, બરાબર વિચાર કરતાં મને લાગે છે કે આ પદ પ્રાપ્ત કરવા માટે મારે લક્ષ્મી દેવીનો જ આભાર માનવો ઘટે છે. કારણ કે જો હું શ્રીમંત ન હોત તો શું મને આ સ્થાન આપવામાં આવત ખરું? શ્રીમંતાઇ સિવાય મારામાં બીજી કશી લાયકાત નથી. હું વિદ્વાન નથી કે જેથી મારી બુદ્ધિદ્વારા સમાજના વિકાસના માર્ગો વિચારી શકું અને આ મારું વિદ્વત્તાભર્યું ભાષણ કે જે સૌ સમજી શકે તેમ મારું લખેલ નથી, પણ પૈસા આપી વિદ્વત્તા ખરીદી શકાય છે; અને આ બધું જનસમાજ સમજે છે છતાં ચલાવી લે છે. જે ભાઇએ સમાજના વિવિધ પ્રશ્નોનું ઉકેલ કરતું આ ભાષણ લખ્યું છે તેની તો સમાજને કશી પડી નથી, કારણ કે તેની પાસે સર્વ કંઇ હોવા છતાં પૈસા નથી. સમાજ શ્રીમંતોની ભૂલો પણ નિભાવી લેવા તૈયાર છે, પણ ગરીબ વિદ્વાનની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિદ્વત્તા કે કલાકારની કલાને ઉત્તેજવા તૈયાર નથી. સામાન્ય જનસમાજ પૈસાની અસરથી અંજાય તેમાં આશ્ચર્ય નથી, કારણ લક્ષ્મીનો પ્રભાવ જ એવો છે; પરંતુ સર્વસ્વ ત્યાગી સાધુ બનેલા અને પોતાને સમભાવી ગણાવનાર સાધુઓ પણ લક્ષ્મીના પ્રભાવથી અંજાયા વગર રહેતાં નથી.

એમના વ્યાખ્યાનોમાં શ્રીમંત ભકતો આવતાં બીજાઓને બેસવાની જગા પણ ન હોય છતાં એમના માટે આગળ બેસવાની જગા થઈ જાય છે. જે સમાજમાં *વ્યક્તિની લાયકાતનું માપ એક માત્ર પૈસો છે તે સમાજનો વિકાસ કદી સંભવતો નથી, જ્યાં ગુણોની કદર નથી, કલાની કદર નથી, કદર છે એક માત્ર પૈસાની.* આ સમાજનું પ્રમુખસ્થાન મેં આ જ દૃષ્ટિએ લીધું કે જેથી હું સ્પષ્ટ શબ્દોમાં મારા વિચારો સમાજ સમક્ષ રજૂ કરી શકું. સમાજે જે વસ્તુને લીધે મને આ સ્થાન આપ્યું તે સ્થાન સામાન્ય ગણાતી વ્યક્તિને સમાજ સમક્ષ પોતાના વિચારો સ્પષ્ટ રીતે રજૂ કરવાની તક પણ કોઇ આપતું નથી. હવે મારે કંઇ વધારે કહેવાનું નથી. હું ઇચ્છું છું કે આપણો સમાજ ધનપૂજાને સ્થાને ગુણપૂજા કરતો બને અને પોતાનો વિકાસ સાધે. આપ સૌએ જે વસ્તુને લીધે મને આ સ્થાન આપ્યું છે તેનો લાભ મારે સમાજને આપવો જોઇએ." એટલું કહી શેઠ ચંપકલાલે સમાજના કેળવણી ફંડમાં પાંચ લાખ રૂપીઆની સખાવત જાહેર કરી કેળવણી લેનારાઓ માટે સગવડ કરી આપી. નવા વિચારના યુવાનોએ એમને તાળીઓના અવાજથી વધાવી લીધા અને સમાજને સ્પષ્ટ શબ્દોમાં સાચે સાચું કહી દેવાની એમની હિંમતની પ્રશંસા ચારે તરફ થઇ. [ ક. દ. ઓ. પ્રકાશ ]

## જન્મની અને સગપણની વિચિત્રતા

રાગ હરિગીત

કોઈ ભાગ્યયોગે સુરપતિ, અને નરપતિ પણ આ થયો,
ચાંડાલ, નટ થઇ નીચ કુળમાં, પાપયોગે અવતર્યો;
માનવપણું પામી વળી, તિર્યંચ યોનિમાં પડ્યો,
રે ! વિચિત્ર આ સંસારમાં, ભવભ્રમણ પાર નવિ રહ્યો. ૧

પિતાપણું થયું પ્રાપ્ત તુજને, તેજ પુત્ર પિતા હતો,
સ્ત્રીરૂપે માતા હતી, સ્ત્રી પુત્રીનો સંબંધ હતો;
સંબંધની વિચિત્રતામાં, જીવ આમ જોડાય છે,
એક ભવમાં અઢાર ભવની, વાત પ્રસિદ્ધ થાય છે. ૨

**મગનલાલ મોતીચંદ શાહ-વઢવાણ કેમ્પ**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# प्रश्नोत्तर

( પ્રશ્નકાર—ભાઈ જેરામ પીતાંબર-ગારીઆધાર )

**પ્રશ્ન ૧**—મહાવિદેહમાં તીર્થંકરનો વિરહકાળ જઘન્ય ને ઉત્કૃષ્ટ કેટલો ?

**ઉત્તર**—એનો વિરહકાળ જાણ્યો નથી, પરંતુ કેવળીપણે વિરહકાળ હોય. તીર્થંકર તો દરેક મહાવિદેહમાં કાયમ ચાર ચાર હોય, એમ સમજવાના છે.

**પ્રશ્ન ૨**—મહાવિદેહ ક્ષેત્રમાં વૈતાઢ્ય પર્વત પરના વિદ્યાધરના નગરો શાશ્વતા કે અશાશ્વતા હોય ? તેમનો વિદ્યાપ્રભાવ કાયમ હોય કે નહીં ?

**ઉત્તર**—તેમના નગરો શાશ્વત ન કહેવાય પરંતુ ભરત ઐરવતમાં પાંચમા આરાને છેડે તેના નગરોનો વિનાશ થાય છે તેવું ત્યાં ન હોય. વિદ્યાનો પ્રભાવ પણ કાયમ હોય.

**પ્રશ્ન ૩**—નમિવિનમિને ધરણેંદ્રે પ્રસન્ન થઇને ૪૮૦૦૦ વિદ્યાઓ આપીને વૈતાઢ્યનું રાજ્ય આપ્યું. તે વખતે વૈતાઢ્ય ઉપર નગરો હતાં કે નહીં ?

**ઉત્તર**—વૈતાઢ્ય ઉપર નમિવિનમિએ જઇને જ ૧૧૦ નગરો વસાવ્યાં. ત્યાર અગાઉ ત્યાં નગરો નહોતાં.

**પ્રશ્ન ૪**—વૈતાઢ્ય પરનાં નવાં વસાવેલાં નગરો શાશ્વતાં છે કે અશાશ્વતાં છે ?

**ઉત્તર**—શાશ્વત હોય તો નવાં વસાવવાપણું ન હોય તેથી તે અશાશ્વત છે અને પાંચમા આરાને છેડે એ નાશ પામવાનાં છે.

**પ્રશ્ન ૫**—હાલમાં વૈતાઢ્ય પરના વિદ્યાધરો શત્રુંજયની યાત્રાનો લાભ લેવા આવતા હશે કે નહીં ? આવતા હોય તો અદૃશ્ય રહેતા હશે ?

**ઉત્તર**—આવતા હોય એમ જણાતું નથી. એમને અદૃશ્ય રહેવાનું કારણ નથી. દેવો અદૃશ્ય રહે છે.

**પ્રશ્ન ૬**—વિદ્યાધરોની વિદ્યાનો પ્રભાવ સમય પરત્વે ઓછો વત્તો થતો હશે ?

**ઉત્તર**—થવાનો સંભવ છે.

**પ્રશ્ન ૭**—ધાતુની પ્રતિમાનો શીર્ષ વિગેરેનો ભાગ ખંડિત થયેલ હોય તો તે પૂજા ભણાવવા માટે પધરાવી શકાય ?

**ઉત્તર**—શીર્ષ ખંડિત હોય તો ન પધરાવી શકાય.

**પ્રશ્ન ૮**—અંજનશલાકા થયેલા આરસના બિંબની પ્રતિષ્ઠા કરાવતા તેની નીચે લેખ કોતરાવાય ? લંછન કરાવાય ?

**ઉત્તર**—તેને ટાંકણું પણ અડાડાય નહીં તો બીજી વાત શી કરવી ?



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**પ્રશ્ન ૯**—નમોઽર્હત્ સ્ત્રીઓ કોઇ પણ પ્રસંગે બોલી શકે ?

**ઉત્તર**—ન બોલી શકે. એ પૂર્વાંતર્ગત હોવાથી સ્ત્રીજાતિ માટે નિષેધ છે.

**પ્રશ્ન ૧૦**—રાત્રીએ ચામર વીંજાય કે ઘંટ વગાડાય ?

**ઉત્તર**—ચામર ન વીંઝાય. ઘંટ ન વગાડાય. એ બધી દિવસની કરણી છે. અત્યારે આરતી મોડી ઉતારે છે ત્યારે ઘંટ વગાડવાની પ્રવૃત્તિ છે. કોઇ કોઇ ઠેકાણે ચામર વીંઝવાની પ્રવૃત્તિ પણ છે.

**પ્રશ્ન ૧૧**—અક્ષત પૂજા કર્યા પછી ફળ, નૈવેદ્ય ને નાણું કયાં મૂકવું ?

**ઉત્તર**—એને માટે ખાસ વિધિ વાંચ્યો નથી; પરંતુ શ્રીફળ વિગેરે ફળ સ્વસ્તિક ઉપર, નૈવેદ્ય સિદ્ધશિલાની આકૃતિ ઉપર અને દ્રવ્ય નાણું, વચ્ચેની રત્નત્રયની ત્રણ ઢગલી ઉપર મૂકવાની પ્રવૃત્તિ છે.

**પ્રશ્ન ૧૨**—શ્રાવક ત્રીજી નિસિહી કરીને ભાવપૂજા એક સ્થાનકે કર્યા પછી બીજે સ્થાનકે દ્રવ્યપૂજા કરી શકે ?

**ઉત્તર**—એમાં વિરોધ લાગતો નથી; કારણ કે એક ચૈત્યમાં દ્રવ્યપૂજા ને ભાવપૂજા કર્યા પછી બીજા ચૈત્યમાં જઇને દ્રવ્ય પૂજા કરાય છે, તેમજ તીર્થસ્થળે મૂળનાયકની પૂજામાં વિલંબ હોય ત્યારે બીજે દેરી કે દેરામાં અષ્ટપ્રકારી પૂજા કરી ચૈત્યવંદન કરીને પછી મૂળનાયકની દ્રવ્યપૂજા કરવામાં આવે છે, તે પછી ત્યાં ભાવપૂજા ચૈત્યવંદનાદિ કરે છે.

**પ્રશ્ન ૧૩**—શેરડી ફળમાં ગણાય કે નૈવેદ્યમાં ગણાય ?

**ઉત્તર**—ફળપૂજામાં ગણાય છે.

**પ્રશ્ન ૧૪**—અંગપૂજા વખતે આઠપડો મુખકોશ જ કરવો પડે કે બે પડો ચાલે ?

**ઉત્તર**—ન ચાલે, આઠપડો જ કરવો પડે; નહીં તો આશાતના ગણાય.

**પ્રશ્ન ૧૫**—ધૂપ જિનપ્રતિમાથી કેટલો છેટે રાખવો ?

**ઉત્તર**—ધૂપપૂજા તે અગ્રપૂજા છે, તેથી તે ગભારાની બહાર ઊભા રહીને કરવી કે જેથી તેનો ધૂમાડો પ્રતિમાને ન લાગે.

**પ્રશ્ન ૧૬**—દેરાસરના મકાનમાં વ્યાજબી ભાડું આપીને રહી શકાય ?

**ઉત્તર**—બનતાં સુધી એમાં ન રહેવું એ ઠીક છે. એમાં પરિણામે અનેક પ્રકારના દોષ લાગવાનો સંભવ છે.

**પ્રશ્ન ૧૭**—દેરાસરના મકાનમાં અનાજનો કોઠાર થઇ શકે ?

**ઉત્તર**—દેરાસર ખાતાનું મકાન કોઇ પણ પ્રકારના હિંસક વ્યાપારને માટે ઉપયોગમાં લઇ શકાય નહીં તેમજ તેવા પાપ-વ્યાપારવાળાને ભાડે પણ આપી શકાય નહીં.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**પ્રશ્ન ૧૮**—સગરચક્રીના સાઠ હજાર પુત્રોની માતા એક જ છે કે જુદી જુદી છે?

**ઉત્તર**—બંને પ્રકારની હકીકત જુદા જુદા ચરિત્રોમાં કહેલી મળે છે.

**પ્રશ્ન ૧૯**—જો એક જ માતા હોય તો તેના પાલણ, પોષણ, રક્ષણ, પ્રસવ, ગર્ભધારણ માટે કેવી રીતે બની શક્યું હશે?

**ઉત્તર**—જો એક જ માતા છે એવો નિર્ણય થાય તો દેવશક્તિની સહાયને લઇને તે બધું બની શકવા સંભવ છે.

**પ્રશ્ન ૨૦**—કાચું દહીં ને છાશ ક્યાં સુધી ભક્ષ્ય ગણાય?

**ઉત્તર**—દહીં મેળવ્યા પછી બે દિવસ સુધી ને છાશ ત્રણ દિવસ સુધી ભક્ષ્ય ગણાય.

**પ્રશ્ન ૨૧**—રાત્રીએ પોતે અંધારામાં રહીને સાધુ કે પૌષધી શ્રાવક પત્ર વિગેરે દીવાવડે વાંચી શકે? **ઉત્તર**—એ પ્રમાણે વાંચવું યોગ્ય નથી. દોષવાળું છે.

**પ્રશ્ન ૨૨**—જ્ઞાનખાતાના દ્રવ્યથી ગૌતમસ્વામી વિગેરે ગુરુમહારાજના ફોટા મઢાવીને ઉપાશ્રયમાં રાખી શકાય?

**ઉત્તર**—એ બાબત ગુરુ મહારાજને પૂછીને તે કહે તેમ કરવું.

**પ્રશ્ન ૨૩**—મેથી ને કળથી વિદળમાં ગણાય?

**ઉત્તર**—મેથી ગણાય છે. કળથી ગણાતી નથી.

**પ્રશ્ન ૨૪**—જુદા મકાનમાં રહેનારને જન્મનું સૂતક લાગે?

**ઉત્તર**—સૂતકવાળા ઘર સાથે જવા આવવા વિગેરેનો પરિચય ન રાખે તો સૂતક ન લાગે. આ બાબતમાં વધારે ખુલાસો ત્યાં આવતા મુનિરાજને પૂછવો. તે સંયોગ જોઇને જે કહે તેમ કરવું. આ બાબતમાં સૂતક સંબંધી વિચાર છપાયેલ છે તે જુઓ.

**પ્રશ્ન ૨૫**—સરસ્વતી દેવી બ્રહ્મચારિણી છે એમ તમે લખ્યું છે, પરંતુ સેનપ્રશ્નમાં તેને વ્યંતરેંદ્રની દેવાંગના કહી છે તો ખરૂં શું છે?

**ઉત્તર**—અમે તો એક દુહામાં તેને બ્રહ્મચારિણી કહેલી તે ઉપરથી લખ્યું હતું. બાકી સેનપ્રશ્નમાં કહ્યું હોય તે પ્રમાણ માનવું.

**પ્રશ્ન ૨૬**—શ્રી પાર્શ્વનાથના વખતમાં આ કલ્પસૂત્ર હતું?

**ઉત્તર**—તે વખતમાં પર્યુષણા કલ્પનો જ નિરધાર નથી. એટલે કલ્પસૂત્ર વાચવાનું જ નહોતું તેથી એ વિષે સવાલ રહેતો નથી.

**પ્રશ્ન ૨૭**—સંવત્સરીને દિવસે એક માણસ નિરપરાધી છતાં ખમાવે છે, બીજો સાપરાધી છતાં ખમાવતો નથી તો તેમાં આરાધક કોણ કહેવાય?

**ઉત્તર**—એને માટે કલ્પસૂત્રની સામાચારીમાં સ્પષ્ટપણે કહેલ છે કે જે ખમે તે આરાધક છે ને જે ન ખમે તે વિરાધક છે. **કુંવરજી**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શહેર ભાવનગરના એક ચૈત્યનો જીર્ણોદ્ધાર

ભાવનગર શહેર સંવત ૧૭૭૯માં વસ્યું છે. શહેરના મધ્યભાગમાં આપણું જૈનમંદિર છે. તેમાં મૂળનાયકજી મહાપ્રભાવી અને પ્રાચીન શ્રી રૂષભદેવજીને સં. ૧૭૯૩માં બિરાજમાન કરવામાં આવ્યા છે. તે મંદિરની જમણી બાજુએ એક જૈનમંદિરમાં શ્રી અભિનંદનસ્વામીને સં. ૧૮૧૫માં બિરાજમાન કરવામાં આવ્યા હતા અને તેની ઉપરના માળે શ્રી શાંતિનાથજીને સં. ૧૮૬૦માં બિરાજમાન કરવામાં આવ્યા હતા. આ મંદિર અતિશય જીર્ણ થઈ જવાથી ચાલતા વર્ષના વૈશાખ શુદિ ૬ ઠ્ઠે બંને મૂળનાયકજીને ઉત્થાપન કરીને તેમને મૂળમંદિરની ડાબી બાજુએ આવેલાં સુંદર મંડપમાં આરસના સુંદર સિંહાસન ઉપર બિરાજમાન કરવામાં આવેલ છે. ઉત્થાપન કરવાના પ્રારંભમાં તે બંને મૂળનાયકજીની સમીપે શ્રી સંઘે પ્રાર્થના કરી હતી કે–આપ લગભગ ૨૦૦ વર્ષથી અહીં બિરાજો છો. અને અહીંના સંઘની જાહોજલાલીમાં આપનો સારો ફાળો છે, જેથી અમે કોઇપણ રીતે અહીંથી આપનું ઉત્થાપન કરવા ઇચ્છતા નથી, છતાં આ ચૈત્ય અતિશય જીર્ણ થઈ જવાથી અને તેને કોઇપણ રીતે ટકાવી શકાય તેમ નહિ હોવાથી અણછૂટકે આપનું ઉત્થાપન અમે કરીએ છીએ તે એવી ભાવનાથી કે અહીં જેમ બને તેમ શીઘ્રતાથી સુંદર જૈનમંદિર બનાવવામાં આવે અને તેમાં જેમ બને તેમ વેલાસર આપનું શુભ મુહૂર્તે સ્થાપન કરવામાં આવે. અમે આશા રાખીએ છીએ કે શાસનદેવ અમારી આ આશા પૂર્ણ કરશે. એટલું કહીને અમે આપનું ઉત્થાપન માટે આજ્ઞા માગીએ છીએ. એ પ્રમાણે ત્રણ વાર આજ્ઞા માગીને બંને મૂળનાયકજીનું ઉત્થાપન કરવામાં આવ્યું.

તરત જ જીર્ણ થયેલ મંદિરને ફરીને શ્રેષ્ઠ બનાવવાની ઈચ્છાથી પાડી નાંખવામાં આવ્યું છે અને નવું મંદિર બનાવવા માટે વૈશાખ શુદિ ૧૩ ને શનિવારે સારા વિધિવિધાનપૂર્વક ખાતમુહૂર્ત કરવામાં આવ્યું છે.

આ જૈનમંદિરનું કામ તાકીદે ચલાવવામાં આવે છે અને તે ધારેલી મુદતમાં પૂરું થશે કે જેથી શ્રી સંઘ ફરીને મોટા મહોત્સવપૂર્વક બંને મૂળનાયક પરમાત્માને તેમના મૂળસ્થાનકે બિરાજમાન કરવાને ભાગ્યશાળી થશે.

મૂળ દેરાસરના મૂળનાયક સંબંધી એક અપ્રસિદ્ધ પ્રાચીન સ્તવન મળતાં તે જૈન ધર્મ પ્રકાશ પુ. ૫૮ માના અંક ૭ આમાં અર્થ સાથે પ્રગટ કરેલ છે, તે વાંચતાં એમ સમજી શકાય છે કે–એ મૂળનાયક શ્રી ઋષભદેવ પરમાત્મા શ્રી શત્રુંજયમાં થયેલા તેરમા ઉદ્ધારના મૂળનાયક હોય અથવા તે સાથે પ્રતિષ્ઠિત બિંબ હોય. આ હકીકત સાથે બીજા મંદિરોની પ્રતિષ્ઠાતિથિ વિગેરેની હકીકત તેજ પુસ્તકના ચોથા અંકમાં આપેલ છે. કુંવરજી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સાચી વિદ્યા

વિદ્યા તે જ હોવી જોઇએ કે જે ખાસ કરીને મુક્તિને માટે હોવી જોઇએ અને તેવા હેતુથી જ વિદ્યા મેળવવી એ દરેક મનુષ્યની ફરજ છે. પૂર્વ પ્રણાલિકા અને આધુનિક પ્રણાલિકા ઉપર વિચાર કરતા વિદ્યાભ્યાસનો બોજો તેટલા જ પ્રમાણમાં છે બલ્કે વધુ છે છતાં પૂર્વ પ્રણાલિકાથી જે વિદ્યા ગૌરવયુક્ત સંપાદન થતી હતી અને રૂઢ સંસ્કારવાલી બની ઐહિક અને પારલૌકિક સુખદાતા કહેવાતી હતી તે અત્યારના જમાનામાં ઘણે ઓછે અંશે જોવામાં આવે છે. **વિદ્યા** એ એક અખૂટ ખજાનો છે. કહ્યું છે કે:—

**पूर्वदत्तेषु या विद्या, पूर्वदत्तेषु यद्धनम् ।**
**पूर्वदत्तेषु या नारी, अग्रे तिष्ठति तिष्ठति ॥**

એટલે કે-વિદ્યા–ધન–સ્ત્રી વિગેરે પૂર્વકર્મના પુણ્યકર્માનુસાર મળી શકે છે, એ વાસ્તવિક છે છતાં અત્યારના જમાનાને અનુસરી આ બાબતમાં માતાપિતાને વિદ્યા ભણાવવામાં મુખ્ય કારણભૂત ગણીએ તો તેમાં નવાઇ જેવું નથી. કેમકે **माता शत्रुः पिता वैरी येन बाला न पाठिताः । न शोभंते सभामध्ये हंसमध्ये बको यथा ॥** મતલબ કે બાલકોને ઘરમાં સારા સંસ્કાર આપી અભ્યાસમાં ઉત્સાહવંત બનાવવા એ પહેલી ફરજ તો માતાપિતાની છે અને જો તેમ ન થાય તો માતા શત્રુ અને પિતા વૈરી ગણાય છે. વળી જ્યારે પોતાના પુત્રો તથા બાલિકાઓને ધાર્મિક કેળવણી રહિત રાખવાથી તેમની યોગ્યવય થતાં પ્રસંગોપાત હંસની સભામાં જેમ બગલો શોભે નહી તદનુસાર તેમની પણ સ્થિતિ બને છે. વિદ્યારૂપી ધન તે જ ખરૂં હિતકારક ધન છે. કહ્યું છે કે:—

**न चोरचोर्यं न च राजहार्यं, न भ्रातृभाज्यं न च भारकारी ।**
**व्यये कृते वर्धत एव नित्यं, विद्याधनं सर्वधनप्रधानम् ॥**

સારાંશમાં કહેવાનું એટલું જ છે કે વિદ્યારૂપી ધન એ પેટીમાંનું ધન નથી કારણ કે સંચય કરેલું ધન ક્રમે ક્રમે વાપરતા ઓછું જ થાય છે પણ આ વિદ્યારૂપી ધન તેવું નથી. પેટીનું ધન ચોર પણ કોઇક દિવસે ચોરી શકે છે પરંતુ આ ધન એવું છે કે ચોરવડે ચોરાતું નથી, રાજકારણમાં હરી જવાતું નથી, ભાઇઓ પણ જે ધનમાં ભાગ પડાવી શકતા નથી અને જે ધનનો બોજો પણ ઉપાડવો પડતો નથી તેમજ વાપરવાથી વધતું જ રહે છે. આવું વિદ્યારૂપી ધન તે જ ખરેખર ધન છે. વિદ્યા એ કોઇ અદ્ભૂત વસ્તુ છે, કેમકે વિદ્વાન્ માણસ રાજાથી પણ શ્રેષ્ઠ છે. કહ્યું છે કે—

**विद्वत्त्वं च नृपत्वं च, नैव तुल्यं कदाचन ।**
**स्वदेशे पूज्यते राजा, विद्वान् सर्वत्र पूज्यते ॥**

વિદ્વાન્‌પણું અને રાજાપણું કદી પણ સરખાં નથી કેમકે રાજા પોતાના દેશમાં પૂજ્ય છે પરંતુ વિદ્વાન્ માણસ તો બધી જગ્યાએ પૂજાય છે માટે વિદ્યા કેવી સંપાદન કરવી તે બાબત ઉપર હવે આવીએ. પ્રથમ તો દરેક મનુષ્યે ધાર્મિક કેળવણી લેવી જોઇએ.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**धर्मस्य हि सहायेन तमस्तरति दुस्तरम्**—ધર્મની સહાયતાવડે ઘોર અંધકાર ( એટલે બુદ્ધિમાં રહેલ જડતા ) ઓલંગી શકાય છે અને તેથી જ બુદ્ધિની નિર્મલતા પ્રાપ્ત થાય છે. આ સ્થલે ભક્તામર સ્તોત્રનું એક પદ મૂકીશ તો તે અસ્થાને નહિ ગણાય. શ્રી માનતુંગસૂરિ મહારાજે પણ વર્ણવ્યું છે કે—**बुध्या विनाऽपि विबुधार्चितपादपीठ, स्तोतुं समुद्यतमतिर्विगतत्रपोऽहम्।** મતલબ કે બુદ્ધિ વગરનો છું, છતાં પણ લજ્જા રહિતપણે આપની સ્તુતિ કરવા પ્રેરાયો છું. આ ઉદ્દગાર એ ધર્મની સહાયતાનું ભાન કરાવે છે. આથી માનતુંગસૂરિ મહારાજ વિદ્વાન ન હતા એમ સમજવું નહિ પણ એમની ધર્મ પ્રત્યેની અડગ શ્રદ્ધા હતી. સ્તોત્ર બનાવવામાં પ્રભુની સહાયતા માગી બુદ્ધિનું સર્વોત્કૃષ્ટપણું ચાહતા હતા તેમજ પોતાની કૃતિમાં દિવ્ય તત્ત્વ દાખલ કરવા માટે આ પ્રકારની તેમની વાણી હતી. આ બધી બાબતનો વિચાર કરતા પ્રથમ ધાર્મિક વિદ્યા ગ્રહણ કરવી એ મુખ્ય છે અને ત્યારબાદ સામાજિક અને નૈતિક એમ ત્રણ પ્રકારના વિદ્યાભ્યાસની મનુષ્યને જરૂર છે. ધાર્મિક, સામાજિક અને નૈતિક આમ ત્રણ પ્રકારનો વિદ્યાભ્યાસ એ જ વાસ્તવિક છે. હવે સામાજિક અને નૈતિક બાબત પર થોડું કહું છું કે—સમાજમાં સમય પરત્વે સુધારા કરી કુરિવાજો ન પેસે અને સમાજની ધોંસરી, કલેશ અને ઝઘડાના વેગથી ઘસાઇ નાશવંત ન બને તે માટે સદા કોશીશ કરવી એ જ મોટામાં મોટી સામાજિક વિદ્યા મેળવી ગણાય. તેમાં પણ ખાસ નૈતિક વિદ્યાનું અવલંબન કરવામાં આવે તો જ સામાજિક વિદ્યાનો અભ્યાસ દ્રઢીભૂત બને. બાકી નીતિને એક બાજુ મૂકી આપખુદી પ્રમાણે વર્તન ચલાવવાની જો બુદ્ધિ માત્ર પણ હોય તો તેથી જ સામાજિક કેલવણીમાં મોટું વિઘ્ન નડવા સંભવ છે તેથી ત્રણ પ્રકારની વિદ્યા જો યથાર્થ સંપાદન થાય તો જ **सा विद्या या विमुक्तये**—એ પદની સમાલોચના યથાર્થ થઇ ગણાય. વળી વિદ્યા એ એક ઉત્તમ આભૂષણ બની પહેરનારને સારી રીતે શોભાવે. કહ્યું છે કે—

**केयूरा न विभूषयन्ति पुरुषं हारा न चन्द्रोज्ज्वलाः।**
**न स्नानं न विलेपनं न कुसुमं नालंकृता मूर्धजाः।**
**वाण्येका समलंकरोति पुरुषं या संस्कृता धार्यते।**
**क्षीयन्ते खलु भूषणानि सततं वाग्भूषणं भूषणम्॥**

સોનાના ઘરેણાં—હાર-માળા વિગેરે કાળે કરી ઘસાઇ જાય છે પણ વિદ્યારૂપી જે ઘરેણું તે કદી ઘસાઇ જશે નહિ તેથી વિદ્યા એ જ સાચું ભૂષણ છે.

વિદ્યા એ પુરુષનું શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ રૂપ છે, ઢાંકેલું ગુપ્ત ધન છે, વિદ્યા એ સુખ અને વૈભવને આપનારી છે, વિદ્યા એ ગુરુનો પણ ગુરુ છે, વિદેશગમનમાં વિદ્યા વધે છે, એ ભાઇની ગરજ સારે છે, વિદ્યા એ ઉત્તમમાં ઉત્તમ દેવ છે. વિદ્યા રાજમાં પૂજાએલ છે, ધન પૂજાએલું નથી માટે વિદ્યા વગરનો માણસ એક પશુ જેવો જ છે જેથી વહાલા વાચકો! સુવિદ્યા પ્રાપ્ત કરી, ઐહિક અને પારલૌકિક સુખને મેળવો અને હમેશા વિદ્યા ભણવામાં ઉત્સાહી બની તમારી જિન્દગી સાર્થક કરો.

'મુનિ વિદ્યાનંદવિજય'

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# બાર ક્ષમાશ્રમણો

( લે. પ્રો. **હીરાલાલ રસિકદાસ કાપડિયા** એમ. એ. )

' ક્ષમાશ્રમણ ' એ સંસ્કૃત શબ્દ છે. એને માટે પાઇય ભાષામાં ' ખમાસમણ ' શબ્દ છે. આ શબ્દ ગુણવાચક તેમજ પદવીસૂચક એમ ઉભય અર્થમાં વપરાય છે. ગુણ-વાચક શબ્દ તરીકે એનો અર્થ ' ક્ષમાપ્રધાન સાધુ ' એવો થાય છે. પદવીસૂચક શબ્દ તરીકે એનો અર્થ પુવ્વ( સં. પૂર્વ )ના ધારક અર્થાત્ ' પૂર્વધર ' એમ કરાય છે.

**પક્ખિયસુત્ત**માં બાર અંગોના સમૂહરૂપ ગણિપિટકની જેમણે વાચના આપી તે ક્ષમાશ્રમણોને નમસ્કાર કરાયો છે. એવી રીતે છ પ્રકારના આવસ્સય(આવશ્યક)ની, અંગબાહ્ય ઉત્કાલિકની અને અંગબાહ્ય કાલિક શ્રુતની વાચના આપનારા ક્ષમાશ્રમણોને પણ નમસ્કાર કરાયેલો છે.

જૈન સાહિત્યમાં ' ક્ષમાશ્રમણ ' એવી પદવી જેમના નામ સાથે જોવામાં આવે છે એ તમામ મહાનુભાવોનાં મુબારક નામો તો હું આપી શકું તેમ નથી; પણ જે બાર નામ મારા ખ્યાલમાં છે તે નીચે મુજબ છે.

(૧) જિનભદ્ર, (૨) દિન્ન, (૩) [1]દેવ, (૪) દેવર્દ્ધિ, (૫) દેસિં, (૬) પ્રદ્યુમ્ન, (૭) [2]મલ્લવાદી (૮) યક્ષદત્ત, (૯) સંઘદાસ, (૧૦) સિંહ, (૧૧) સ્થિરગુપ્ત અને (૧૨) હિમવત્ ( પા. હિમવંત ).

[ ૧ ]

**જિનભદ્ર**—આ નામના એક કરતાં વધારે મુનિવર થયા છે, પણ અહીં તો જેમ **પતંજલિ**ને અજૈન સાહિત્યમાં–વૈદિક સાહિત્યમાં ' ભાષ્યકાર ' તરીકે ઓળખાવાય છે, તેમ જૈન જગત્માં–શ્વેતાંબર સાહિત્યમાં ' ભાષ્યકાર ' તરીકે ઓળખાવાતા [3]**જિનભદ્ર**ગણિ પ્રસ્તુત છે. એમણે **વિસેસાવસ્સયભાસ**, એની સંસ્કૃત ટીકા, **સંગહણિ**, **ખેત્તસમાસ**, **વિસેસણવઇ**, **ઝાણસય** તેમજ **જીયકપ્પ** અને એનું ભાસ એમ આઠ કૃતિઓ રચી છે. ' **જીયકપ્પ** 'ની વિક્રમ સંવત્ ૧૯૮૨ની પ્રસ્તાવના( પૃ. ૯ )માં **જિનવિજયજી**એ **ધ્યાનશતક**( પા. **ઝાણસય** )ના કર્તા આ **જિનભદ્ર** ગણિ હોવા વિષે શંકા દર્શાવી છે, પરંતુ એમણે આ ગણિજીને **નિસીહભાસ**ના કર્તા હોવાનું સૂચવ્યું છે.

**વિસેસાવસ્સયભાસ**ની સ્વોપજ્ઞ ટીકા જેસલમેરમાં છે એમ જેસલમેરના ભંડારોના

---

૧. એમને કેટલાક 'ક્ષમાશ્રમણ' તરીકે ઓળખાવે છે. જેમકે **નંદી**ની **મલયગિરિસૂરિ**-કૃત ટીકાના સંપાદક મહાશય અને **જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ**(પૃ. ૫૧)ના કર્તા.

૨. જુઓ **જૈ. સા. સં. ઇ. પૃ. ૧૩૪.**

૩. આવી પ્રસિદ્ધિ મુખ્યતયા વિસેસાવસ્સયભાસની રચનાને આભારી છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સૂચીપત્ર( પૃ. ૧૯ )માં ઉલ્લેખ છે. જો આ સાચી બીના હોય તો એ ટીકા સત્વર પ્રસિદ્ધ થવી ઘટે.

**જીયકપ્પભાસ** ( ગા. ૬૧ ) ઉપરથી વિદ્વદ્વલ્લભ મુનિ **પુણ્યવિજયજી**એ એ અનુમાન દોર્યું છે કે આ ભાસના કર્તા **જિનભદ્ર** ગણિ ક્ષમાશ્રમણ છે. આ ભાસમાં **કપ્પભાસ, વવહારભાસ, પંચકપ્પભાસ** અને **પિંડનિજ્જુત્તિ** સાથે મળતી આવતી ગાથાઓ છે.

**અણુઓગદ્દારચુણ્ણિ**( પત્ર ૭૧ )માં નીચે મુજબ ઉલ્લેખ છે.

**" सरीरपदस्स चुण्णी जिणभद्दखमासमणकित्तिया समत्ता "**

આ ઉપરથી હું એ અનુમાન કરું છું કે **જિનભદ્ર** ક્ષમાશ્રમણે '' સરીરપદ 'ની એટલે કે **પણ્ણવણાના** એક પદની અથવા તો એ સમગ્ર આગમની ચુણ્ણિ રચી છે.

**વિસેસણવઈ**માં **સયરી( સિત્તરી )** નામના કર્મગ્રંથનો નિર્દેશ છે એમ એની ૯૦મી, ૯૧મી, ૯૨મી અને ૯૩મી ગાથા ઉપરથી જોઇ શકાય છે. આ **સત્તરી**ના કર્તા તરીકે સામાન્ય રીતે **ચંદ્રર્ષિ** મહત્તરનો ઉલ્લેખ કરાય છે કે જેમણે **પંચસંગ્રહ** રચેલ છે. એની ટીકા સ્વોપજ્ઞ ગણાય છે. જો એ ખરેખર સ્વોપજ્ઞ જ ટીકા હોય તો એના **૨૧૨ આ** પત્ર ઉપરથી એ વાત સ્પષ્ટ તરી આવે છે કે **સત્તરી**ના કર્તા તે આ સ્વોપજ્ઞ ટીકાના કર્તા નથી; કેમકે ત્યાં **સપ્તતિકાકાર**નો ( અને સાથે સાથે **કર્મસ્તવકાર**નો પણ ) મત નોંધેલ છે. આ હિસાબે **સત્તરી**ની રચના **ચંદ્રર્ષિ** [1]મહત્તરની પૂર્વેની છે.

**વિસેસણવઇ**( ગા. ૩૧ )માં **સામાઇયચુણ્ણિ** અને **વસુદેવ ચરિત્ર**નો ઉલ્લેખ છે તો આ બે ગ્રંથો કયા છે તે વિચારવું ઘટે. **વિસેસણવઇ** ઉપર સ્વોપજ્ઞ વ્યાખ્યા નથી, પણ એની કેટલીક ગાથાઓની વ્યાખ્યા **નંદીચુણ્ણિ** અને હારિભદ્રીય વૃત્તિમાં છે.

**જિનભદ્રગણિ યાકિની** મહત્તરાના ધર્મસૂનુ તરીકે સુપ્રસિદ્ધ **હરિભદ્રસૂરિ**ની પહેલાં થયા છે એ વાત નિર્વિવાદ છે, કેમકે **હરિભદ્રસૂરિ**એ એમના [2]નામનો સ્પષ્ટ નિર્દેશ કર્યો છે એટલું જ નહિ પણ એમની કૃતિ [3]**વિસેસણવઇ**માંથી તેમજ **વિસેસાવસ્સયભાસ**[4]માંથી અવતરણ આપ્યાં છે.

---

૧. આ પદવીથી **જિનદાસ** ગણિ તેમજ **ધમ્મિલ હિંડી**ના કર્તા **ધર્મસેન** ગણિ, **દેલ્લ** અને **શિવચન્દ્ર** પણ વિભૂષિત છે.

૨. જુઓ **નંદીની** વૃત્તિ પત્ર ૫૨.

૩. એજન, અહીં **વિસેસણવઇ**ની ૧૫૩ મી અને ૧૫૪ મી ગાથા ઉદ્ધૃત કરાયેલી છે. આ બે ગાથાઓ **નંદિચુણ્ણિ**( પત્ર ૨૧ )માં પણ છે.

૪. ( હારિભદ્રીય ) **નંદીવૃત્તિ**( પત્ર ૫૯૭ )માં આમાંથી એક ગાથા ( ગા. ૧૧૫ ) અવતરણરૂપે અપાયેલી છે એટલું જ નહિ પણ એના કર્તા તરીકે ' ભાષ્યકાર ' એવો

For Private And Personal Use Only

આ **જિનભદ્ર**ગણિનું સ્વર્ગગમન **વીરસંવત્ ૧૧૧૫** માં અર્થાત્ **વિક્રમસંવત્ ૬૪૫** માં થયું એમ માનતાં કેટલાક અચકાય છે, કેમકે એમ માનવાથી **હરિભદ્રસૂરિ**નું સ્વર્ગગમન **વિક્રમસંવત્** ૫૩૫ કે ૫૮૫ માં થયું એવી તેમની માન્યતાને વાંધો આવે છે, જો કે એમનો સમય વિ. સં. ૭૫૭–૮૨૭ માનનારને એ વાંધો નડતો નથી. બીજો પણ એક વાંધો એ ગણાવાય છે કે **જિનભદ્ર**ગણિ 'પૂર્વધર' છે અને પૂર્વોનો ઉચ્છેદ **વીર-નિર્વાણ**થી હજારમે વર્ષે થશે એવો **વિયાહપણ્ણત્તિ**( સ. ૨૦, ઉ. ૮; સુ. ૬૭૮ )માં સ્પષ્ટ ઉલ્લેખ છે. આથી કેટલાક **વીરસંવત્ ૧૧૧૫** માં સ્વર્ગે સંચરેલા **જિનભદ્ર** તે **ધ્યાનશતક** વગેરેના કર્તાથી ભિન્ન છે એમ માને છે.

કેટલાકને મતે એઓ **દેવર્દ્ધિ** ગણિ ક્ષમાશ્રમણના સમકાલીન છે એટલે કે એઓ **વીરસંવત્** ૯૮૦ ની આસપાસમાં વિદ્યમાન હતા.

એઓ **દેવર્દ્ધિ**ગણિના પુરોગામી હોય એમ જણાતું નથી. **નંદીની થેરાવલી**માં યુગપ્રધાનોનો નિર્દેશ હોય એમ લાગે છે. જો એ વાત સાચી હોય તો તેમાં એમનું નામ નથી એ આની સાબિતી ગણી શકાય છે.

**ન્યાયકુમુદચન્દ્ર**( ભા. ૧ )ની પ્રસ્તાવનામાં એના લેખક **કૈલાશચન્દ્ર શાસ્ત્રી** આ ક્ષમાશ્રમણનો સમય ઇ. સ. ૬૦૦થી ૭૫૦ની વચમાંનો માને છે.[1] એ માટે તેઓ **વિસેસા-વસ્સયભાસ**( ગા. ૧૫૦૮ )માં જે **વાસવદત્તા**નો ઉલ્લેખ છે તેને **સુબન્ધુની** કૃતિ ગણે છે. એનો ઉલ્લેખ કવિ **બાણે** રચેલા **હર્ષચરિત**[2]( પરિ. ૧ )માં છે અને એ **બાણ** કવિ **શ્રીહર્ષ**( ઇ. સ. ૬૦૬–૬૪૭ )ના સમકાલીન છે. વિશેષમાં **વાસવદત્તા**માં ન્યાયવાર્તિકકાર **ઉદ્યોતકર**નો ઉલ્લેખ [3]છે અને એમને વહેલામાં વહેલા છઠ્ઠી સદીના પૂર્વાર્ધના વિદ્વાન માનતા **વાસવદત્તા** છઠ્ઠી સદીના ઉત્તરાર્ધની કૃતિ માની શકાય એમ તેઓ કહે છે. પણ અહીં એક પ્રશ્ન એ ઉઠાવાય કે આ **વાસવદત્તા** તે **અષ્ટાધ્યાયી** ( ૪–૩–૮૭૨ ) ઉપર **પતંજલિ**એ રચેલા **મહાભાષ્ય**માં નિર્દેશાયેલી **વાસવદત્તા** મનાય તો કેમ?

**કૈલાશચન્દ્રે** ૭૮ મા પૃષ્ઠમાં એમ કહ્યું છે કે **વિસેસાવસ્સયભાસ**માં એક સ્થળે[4] **केइ दिहालोयणपुव्वमोग्गहं बेंति** એમ કહીને ક્ષમાશ્રમણે એક મતની આલોચના કરી ઉલ્લેખ કરાયેલો છે. **વિસેસાવસ્સયભાસ**માં પોતાના મંતવ્યની પુષ્ટિ અર્થે એક અવ-તરણ ભાષ્યકારે આપ્યું નથી એમ મનાય છે તો "સન્મતિતર્ક"ની પ્રસ્તાવના-( પૃ. ૬૮ )માં ગા. ૨૧૦૪ અને **૨૧૯૫** એ બે "ગાથાઓ ભાષ્યકારે પોતાના કથનની પુષ્ટિમાં ક્યાંયથી લઇ ટાંકેલી છે" એવો ઉલ્લેખ છે તેનું શું? આ બંને ગાથાઓ **સંમઇપયરણ**( ૩–૫૨, ૪૯ )માં જોવાય છે.

૧. જુઓ પૃ. ૭૭.

૨. "कवीनामगलद् दर्पो नूनं **वासवदत्तया**"।

૩. "न्यायस्थितिमिवोद्योतकरस्वरूपां...<u>वासवदत्तां</u> ददर्श।"

૪. જુઓ ગાથા ૨૭૩.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે. આ મત આલોચનજ્ઞાનપૂર્વક વસ્તુનું ગ્રહણ થાય છે એમ માને છે. આનું નિરૂપણ કરતી વેળા મલ્લધારી **હેમચન્દ્રસૂરિએ કુમારિલના મીમાંસાશ્લોકવાર્તિક**ની એક કારિકા[1] ઉધ્ધૃત કરી છે.[2] એટલે આવો મત કોઇ જૈન આચાર્યનો હોત તો તેઓ આમ ન કરત, આમ માની આ શાસ્ત્રી એવી સંભાવના સૂચવે છે કે ક્ષમાશ્રમણજી **કુમારિલ**ના લઘુ સમકાલીન હશે. વિશેષમાં આ શાસ્ત્રીજી ક્ષમાશ્રમણજીને **અકલંક**ના પણ સમકાલીન માનવા પ્રેરાય છે.

જ્ઞાનબિન્દુના પરિચય( પૃ. ૫૫–૫૬ )માં પં. સુખલાલજી કહે છે કે ઉમાસ્વાતિ અને જિનભદ્ર ક્ષમાશ્રમણ વચ્ચે ઓછામાં ઓછું બસો વર્ષનું અંતર છે.

જીયકપ્પની ચુણ્ણિ( ગા. ૫–૧૧ )માં **સિદ્ધસેનસૂરિએ જિનભદ્ર** ગણિ ક્ષમાશ્રમણના ગુણ ગાયા છે. આ રહી એ ગાથાઓ :—

**“ नमह य अणुओगधरं जुगप्पहाणं पहाणनाणीण मयं ।**
**सव्वसुइसत्थकुसलं दंसणनाणोवओगमग्गंमि ठियं ॥ ५ ॥**
**जस्स मुहनिज्झरामयमयवसगंधाहिवासिया इव भमरा ।**
**नायमयरंदतिसिया रत्ति दिया य मुणिवरा सेवंति सया ॥ ६ ॥**
**ससमयपरसमयागमलिविगणियच्छंदसद्दनिम्माओ ।**
**दससु वि दिसासु जस्स य अणुओगो भमइ अणुवमो जस्स पड़हो ॥ ७ ॥**
**नाणाणं नाणीण य हेऊण य पमाणगणहराण य पुच्छा ।**
**अविसेसओ विसेसा विसेसियाऽऽवस्सयंमि अणुवममइणा ॥ ८ ॥**
**जेण य छेयसुयत्था आवत्तीदाणविरयणा जत्तेणं ।**
**पुरिसविसेसेण फुडा निज्जूढा जीवदाणकप्पंमि जिही ॥ ९ ॥**
**परसमयागमनिउणं सुसमियसुसमणसमाहिमग्गेण गयं ।**
**जिणभद्दखमासमणं खमासमणाणं निहाणमिव एकं ॥ १० ॥**
**तं नमिउं मयमहणं माणरिहं लोभवज्जियं जियदोसं ।**
**तेण य जीयविरइयगाहाणं विवरणं भणिहामि जहत्थं ॥ ११ ॥**

આનો અર્થ એ છે કે અનુયોગના ધારક ( અર્થાત્ આગમોના અર્થના અદ્વિતીય વ્યાખ્યાતા ), [3]યુગપ્રધાન, ( તે સમયના ) મુખ્ય જ્ઞાનીઓને માન્ય, સર્વ શબ્દશાસ્ત્રમાં

1. “ अस्ति ह्यालोचनज्ञानं प्रथमं निर्विकल्पकम् ।
बालमूकादिविज्ञानसदृशं शुद्धवस्तुजम् ॥ ”

2. આમ કરી એમણે **કોટ્યાચાર્યકૃત વિસેસાવસ્સયભાસ**( ગા. ૨૭૩ )ની વૃત્તિ( પત્ર ૧૧૧ )નું અનુસરણ કર્યું છે. અહીં પૂર્વાર્ધ ઉપર મુજબ છે, પણ ઉત્તરાર્ધ ભિન્ન સૂચવાયેલ છે.

3. **નંદીની થેરાવલી** યુગપ્રધાનોની આવલિકા છે એમ કેટલાક માને છે; પણ એમાં **જિનભદ્ર**નું નામ નથી એ શું સૂચવે છે ?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



( અથવા શ્રુતિ અને શાસ્ત્રમાં ) કુશળ, દર્શન અને જ્ઞાનના ઉપયોગના માર્ગને વિષે રહેલા, કમળને અધીન સુગંધના અર્થી એવા ભમરાઓ જેમ કમળની અહર્નિશ ઉપાસના કરે છે તેમ જ્ઞાનરૂપ મકરંદનું પાન કરવાની ઇચ્છાવાળા મુનિવરો જેમના મુખરૂપ ઝરણામાંથી ( નીકળતા ) અમૃત સમાન મત( જ્ઞાન )ને વશ રહેલી સુવાસથી આકર્ષાયેલા હોઇ સદા રાતે અને દિવસે ( જેમનાં ચરણકમળની ) સેવા કરે છે એવા, પોતાના અને પારકાના આચારને ( પ્રતિપાદન કરનાર ) સિદ્ધાન્ત, [1]લિપિ, [2]ગણિત, છંદ અને વ્યાકરણદ્વારા રચાયેલો એવો જેમનો અનુપમ અનુયોગરૂપ કીર્તિનો પટહ દશે દિશામાં ભમે છે એવા, અસાધારણ બુદ્ધિગામી, જેમણે જ્ઞાન, જ્ઞાની, હેતુ અને પ્રમાણની વિશેષતાઓનું તેમજ ગણધરોની પૃચ્છાનું આવસ્સ( **વિસેસાવસ્સય** )માં સમગ્રપણે નિરૂપણ કર્યું છે એવા, આપત્તિ( પ્રાયશ્ચિત્ત )ના દાનની વ્યવસ્થા જેમાં છે એવા છેયસુય ( છેદસૂત્ર )-ના આધારે પુરુષવિશેષના ( પૃથક્કરણ ) પ્રમાણે જેમણે **જીયદાણકપ્પ**માં ( પ્રાયશ્ચિત્તની ) વિધિનું સ્પષ્ટપણે યત્નપૂર્વક નિર્યૂહણ કર્યું છે [3]એવા, પરસમયના આગમોને વિષે નિપુણ, સુંદર સમિતિવાળા સુશ્રમણના સમાધિરૂપ માર્ગે ગયેલા, ક્ષમાશ્રમણોના જાણે અદ્વિતીય નિધાનરૂપ એવા [4]**જિનભદ્ર** ક્ષમાશ્રમણ કે જેમણે મદનું મંથન કર્યું છે, જેઓ સન્માનને લાયક છે, જેઓ લોભથી રહિત છે અને જેમણે ક્રોધને જીત્યો છે તેમને નમસ્કાર કરીને તેમણે રચેલ **જીય(કપ્પ)**ની ગાથાઓનું વિવરણ યથાર્થપણે હું ( **સિદ્ધસેન** ) કહીશ.

**ભદ્રેશ્વર**કૃત **કહાવલી**માં **જિનભદ્ર**ગણિનો વૃત્તાન્ત છે.

કેટલીકવાર [5]**તત્ત્વાર્થરાજવાર્તિક** અને **વિસેસાવસ્સયભાસ**માં સમાનતા જોવાય

---

૧. બ્રાહ્મી વગેરે ૧૮ લિપિ.

૨. પાટીગણિત વગેરે. **જિનભદ્ર**ગણિનું ગણિત સંબંધી જ્ઞાન કેવું હતું એ **વિસેસણવઈ, ખેત્તસમાસ, સંગહણિ** વગેરે એમની કૃતિઓ ઉપરથી જાણી શકાય છે.

૩. નવમી ગાથાનો બીજો પણ અર્થ છે, પણ મેં અહીં એક જ આપ્યો છે.

૪. **સિદ્ધસેન દિવાકરે** રચેલા **ન્યાયાવતાર** ઉપર **સિદ્ધર્ષિ**એ ટીકા રચી છે અને એ ટીકા ઉપર **દેવભદ્રે** ટિપ્પણ રચ્યું છે. એ ટિપ્પણના ૬૯ મા પૃષ્ઠમાં **વિસેસાવસ્સયભાસ**માંથી એક ગાથા ( ૨૯૮–૨૯૯ ) અવતરણરૂપે અપાયેલ છે અને એના કર્તા તરીકે ' ક્ષમાશ્રમણ ' એવો ઉલ્લેખ છે. એ ઉપરથી એમ અનુમાનાય કે **જિનભદ્ર**ગણિની જેમ ' ભાષ્યકાર ' તરીકે સુપ્રસિદ્ધિ છે તેમ ' ક્ષમાશ્રમણ ' તરીકે પણ પ્રસિદ્ધિ હશે.

૫. વાચકવર્ય **ઉમાસ્વાતિએ તત્ત્વાર્થાધિગમસૂત્ર** રચ્યું છે. એમાં સાત તત્ત્વોનું નિરૂપણ હોવાથી એને ટૂંકમાં ' તત્ત્વાર્થ ' કહે છે. વિશેષમાં આ ગ્રંથનું મહત્ત્વ અને ગાંભીર્ય જોઇને એને ' તત્ત્વાર્થરાજ ' તરીકે ઓળખાવાય છે. આથી આનું વાર્તિક તે **તત્ત્વાર્થવાર્તિક** તેમજ **તત્ત્વાર્થરાજવાર્તિક** એમ બંને નામથી ઓળખાવાય છે. પહેલાં કરતાં બીજું નામ વિશેષ પ્રચલિત છે. વળી આ વાર્તિકને **રાજવાર્તિક** પણ કહેવામાં આવે છે. જુઓ **ન્યાયકુમુદચન્દ્ર**( ભા. ૧ )ની પ્રસ્તાવના ( પૃ. ૪૩ ).

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે, જેમકે નેત્રની પ્રાપ્યકારિતાના ખંડનની ચર્ચા, જુઓ પહેલાનું ૪૮ મું પૃષ્ઠ અને બીજાની ગા. ૨૧૨.

**વિસેસણવઇ**ની ૧૫૩-૧૫૪ ગાથા **નંદી**ની સાથે સંબંધ ધરાવે છે એમ એના સંપાદક મહાશય માનતા હોય એમ જણાય છે. જો એમનું એમ માનવું સાચું હોય તો **નંદીના** કર્તા દેવવાચક **જિનભદ્ર**ગણિથી ઉત્તરકાલીન નથી એમ ફલિત થાય છે. આ **જિનભદ્ર** ગણિ કેવળ આગમને જ કે કેવળ તર્કને માનનાર ન હતા, પણ આગમાનુસારી તર્કને તેઓ સ્વીકારતા હતા અને એથી તો તેઓ એક સમયમાં કેવલજ્ઞાનીને બે ઉપયોગ હોય એમ માનતા ન હતા પણ તેમ કરવામાં કંઇ તેમની અભિનિવેશ બુદ્ધિ ન હતી એમ એઓ જાતે **વિસેસાવસ્સયભાસ**( ગા. ૩૧૩૩ )માં કહે છે.

**સમ્મઈપયરણ**માં અભેદવાદ સ્થાપવા માટે અપાયેલી તમામ દલીલો તેમજ ક્રમવાદ ઉપર કરાયેલા તમામ આક્ષેપો **વિસેસણવઈ**માં નથી. એવી રીતે **વિસેસણવઈ**માં ક્રમવાદને સ્થાપન કરનારી તમામ દલીલો અને અભેદવાદને દૂષિત કરનાર તમામ આક્ષેપો **સમ્મઈપયરણ**માં નથી. આ ખાસ નોંધવા જેવી બાબત છે.

**જિનભદ્ર** ગણિ ઉત્કૃષ્ટ વ્યાખ્યાકાર હતા એમ કલિકાલસર્વજ્ઞ **હેમચન્દ્રસૂરિ**એ કહ્યું છે.[1] આ **જિનભદ્ર** ગણિએ " નંદિસૂત્ર ચૂર્ણિ, નિશીથસૂત્ર પર વિશેષ નામની ચૂર્ણિ તથા અનુયોગદ્વારચૂર્ણિ રચી છે" એનો જે ઉલ્લેખ "શ્રી જૈન સત્ય પ્રકાશ" (ક્રમાંક ૭૩-૭૫)ના પૃ. ૧૨૩માં છે તે **જિનદાસને જિનભદ્ર** સમજવાની ભૂલને આભારી છે. એમ ન હોય તો એ પ્રશ્ન ઊઠે છે કે શું **જિનદાસ**ગણિ મહત્તરે **વિસેસનિસીહચુણ્ણિ** રચી છે એ ઉપરાંત બીજી કોઇ વિશેષ ચૂર્ણિ છે કે જે **જિનભદ્ર**ગણિએ રચી છે? બાકી એક ચૂર્ણિ **વિસેસનિસીહચુણ્ણિ** પહેલાં રચાયેલી છે, પણ તેના કર્તાના નામની ખબર નથી.

અંતમાં જેમ દિગંબર વિદ્વાનોમાં **અકલંકે તત્ત્વાર્થરાજવાર્તિક**માં ડગલે ને પગલે અનેકાન્તવાદનો આશ્રય લઇ વિધાનો કર્યા છે તેમ શ્વેતાંબર વિદ્વાનોમાં એવું પ્રશંસનીય કાર્ય કરનારા આ **જિનભદ્ર**ગણિ ક્ષમાશ્રમણને હું નમન કરું છું.

[ ૨ ]

**દિન્ન**—વાચકવર્ય **ઉમાસ્વાતિ**ના **તત્ત્વાર્થસૂત્ર** ઉપર ભાષ્યાનુસારિણી ટીકા રચનારા 'ગંધહસ્તી' **સિદ્ધસેન**ગણિના ગુરુ **ભાસ્વામી** છે. આ **ભાસ્વામી**ના પ્રગુરુ **દિન્ન** ગણિ છે; એમ **સિદ્ધસેન**ગણિએ આ ટીકાની પ્રશસ્તિમાં કહ્યું છે. આ **દિન્ન**ગણિ 'ક્ષમાશ્રમણ' હતા એમ પણ આ ટીકામાં નિર્દેશાયું છે. વિશેષમાં **ભાસ્વામી**ના ગુરુ અને આ **દિન્ન**ગણિના શિષ્ય તરીકે **સિંહસૂર**નું નામ અપાયેલું છે. આ ઉપરથી **દિન્ન**ગણિ **સિંહસૂર-ભાસ્વામી-સિદ્ધસેન**ગણિ એ ક્રમ દર્શાવાય. **દિન્ન** ગણિએ કોઇ ગ્રંથ રચ્યાનું જાણમાં નથી. **મલ્લવાદી**એ જે **દ્વાદશારનયચક્રવાલ** યાને **નયચક્ર** રચેલ છે એના ઉપર **સિંહ** ક્ષમાશ્રમણે ટીકા રચી છે. આ ટીકાકાર તે **સિંહસૂર** હશે એમ કેટલાક કલ્પના કરે છે. (ચાલુ)

---

૧. જુઓ **સિદ્ધહેમચન્દ્ર**( ૨-૨-૩૯ )ની સ્વોપજ્ઞ વ્યાખ્યા પ્રસ્તુત ઉલ્લેખ નીચે મુજબ છે— " उपजिनभद्रक्षमाश्रमणा व्याख्यातारः । "

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# निगोद–स्वरूप

લેખક—મુનિ શ્રી પુણ્યવિજય

આ સંસારમાં સર્વથા કનિષ્ઠ અવસ્થાને ભોગવનારા જીવો નિગોદના નામથી ઓળખાય છે. તેમને ત્રણ યોગમાં માત્ર શરીર જ હોવાથી તેઓ શરીર સંબંધી અનંતી પીડા ભોગવે છે, છતાં અત્યંત અવ્યક્તપણું હોવાથી તેઓ પીડા ભોગવતાં સમભાવ સંપાદન કરી કર્મ ખપાવી શકતા નથી. માત્ર વિપાકોદયવડે જે કર્મ ખપે છે તે જ ખપે છે. તેના પ્રમાણમાં કર્મ બંધાય પણ છે. પ્રાણી માત્રના કેટલાક કર્મ પ્રત્યેક સમયે પ્રદેશોદયથી પણ ખપે છે, પરન્તુ તેની અહીં વિવક્ષા કરવામાં આવી નથી.

નિગોદ બે પ્રકારની છે: સૂક્ષ્મ નિગોદ અને બાદર નિગોદ. '**સૂક્ષ્મ નિગોદ**' તે સૂક્ષ્મ વનસ્પતિકાય જીવો સમજવા. સૂક્ષ્મ પાંચે પ્રકારના સ્થાવરો પૈકી માત્ર વનસ્પતિકાય જ નિગોદ છે. અને તે જ એક શરીરમાં અનંત જીવપણે રહેલ છે. બાકીના ચાર (પૃથ્વી, અપ્, તેઉ અને વાયુકાય) સ્થાવર સૂક્ષ્મો જો કે અદશ્યાદિક ગુણોવડે વનસ્પતિકાય જેવા છે, પરન્તુ તેઓ પ્રત્યેકશરીરી છે અને તેની ગણના વ્યવહારરાશિમાં કરેલી છે.

નિગોદનો બીજો પ્રકાર '**બાદર નિગોદ**' છે તે કંદાદિકની માફક સાધારણ વનસ્પતિ તરીકે ઓળખાય છે. કંદમૂળ, લીલફુલ વિગેરેનો તેની અંદર સમાવેશ થાય છે. તે છદ્મસ્થ અને ચર્મચક્ષુવાળા જીવોને દશ્ય છે પરંતુ તેની અંદર પણ એક શરીરમાં અનંતા જીવોની સ્થિતિ છે. નિગોદ નામ (બન્ને જાતિમાં) તેના શરીરનું પણ છે. તેવા શરીરો અસંખ્યાતા છે અને દરેક શરીરમાં **જીવો અનંત હોવાથી તે બધા જીવો અનંતા છે.** કર્મગ્રંથકારના મતે નવ પ્રકારના અનંતા પૈકી સૂક્ષ્મબાદર નિગોદના સર્વ જીવો તેમજ એક નિગોદમાં રહેલા જીવો પણ આઠમે મધ્યમ અનંતાનંતે વર્તે છે. કોઇપણ કાળે સર્વજ્ઞને પ્રશ્ન કરવામાં આવે તો ઉત્તર એ જ મળે કે બાદર અથવા સૂક્ષ્મ એક નિગોદમાં રહેલા જીવોનો અનંતમો ભાગ સિદ્ધિપદને પામેલો છે.

બાદર નિગોદ કરતાં સૂક્ષ્મ નિગોદમાં જીવની સંખ્યા વિશેષ છે, એટલે કે અસંખ્યાત ગુણી છે. બાદર જીવોમાં એક પર્યાપ્તાની નિશ્રાએ બીજા અસંખ્યાતા અપર્યાપ્તા જીવો હોય છે જ્યારે સૂક્ષ્મ નિગોદમાં તેથી વિપરીતપણું છે. એટલે કે તેમાં એક અપર્યાપ્તાની નિશ્રાએ અસંખ્યાતા પર્યાપ્તા જીવો હોય છે.

બે પ્રકારની નિગોદ પૈકી સૂક્ષ્મ નિગોદ તે '**અવ્યવહારરાશિ**' છે. તેમાં એવા પણ અનંતા જીવો છે કે જે અનંતકાળથી તે જ અવસ્થાએ રહેલા છે અને રહેવાના છે. જેઓ કદાપિ સૂક્ષ્મ નિગોદમાંથી બહાર નીકલ્યા જ નથી, એઓ ગુફામાં જન્મ્યા અને ગુફામાં મૃત્યુ પામ્યાની પેઠે અવ્યવહારી છે. બાદર નિગોદને '**વ્યવહારરાશિ**' કહેલી છે, કારણ કે તે જીવો વ્યવહારમાં આવ્યા કરે છે. એક વાર સૂક્ષ્મ નિગોદરૂપ અવ્યવહારરાશિમાંથી નીકળેલો જીવ ફરીને સૂક્ષ્મ નિગોદમાં જાય તો પણ વ્યવહારરાશિઓ જ કહેવાય છે. અને તે અમુક કાળે (અનંતી ઉત્સર્પિણી અવસર્પિણીએ) પાછો તેમાંથી નીકળીને



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બીજી વ્યવહારની જીવજાતિમાં જરૂર આવે છે. વ્યવહારરાશિમાં રહેલા જીવો સર્વે મોક્ષે જવાના છે એવો નિશ્ચય નથી, કારણ કે તેમાં અનાદિ કાળથી બાદર નિગોદ રહેલી છે કે જેનો અનંતમો ભાગ જ મોક્ષે ગયેલ છે અને જવાનો છે. તેમજ વ્યવહારરાશિમાં રહેલા અનંતા અભવ્ય જીવો છે કે જેઓ કદાપિ મોક્ષે જવાના જ નથી. ( અભવ્ય જીવો ચોથે જઘન્યયુક્ત અનંતે છે ) તેમજ અવ્યવહારરાશિમાં રહેલા સર્વ જીવો મોક્ષે જવાના નથી એમ પણ નથી, કારણ કે વ્યવહારરાશિમાંથી એક જીવ મોક્ષે જાય ત્યારે અવ્યવહારરાશિમાંથી એક જીવ વ્યવહારરાશિમાં આવે છે એવો અચળ ક્રમ છે. માત્ર જે જીવો '**જાતિભવ્ય**' છે અને તથાપ્રકારની સામગ્રીને અભાવે અવ્યવહારરાશિમાંથી નીકળવાના જ નથી તેથી જ તેને મોક્ષની સામગ્રી મળવાની નથી અને તેવી સામગ્રીના અભાવથી તે ( જાતિભવ્ય ) જીવો મોક્ષે પણ જવાના નથી; જો સામગ્રી મળે તો તેઓ મોક્ષે જઇ શકે તેવા સ્વભાવવાળા છે. આ જીવોને અભવ્યની કોટે વળગેલા કહેવામાં આવે છે. અનંત જીવો એવા છે કે જેઓ ત્રસત્વ પામ્યા નથી. એઓ અનંતાનંતકાળ નિગોદમાં સબડ્યા કરે છે.

'સૂક્ષ્મ નિગોદ' ચૌદ રાજલોકમાં સર્વત્ર સર્વ આકાશપ્રદેશમાં રહેલી છે. કાજળથી ભરેલી ડાબડીની જેમ સકળ લોક આ જીવોથી ભરેલો છે. જેમ પુદ્ગલ વિનાનો કોઇ પ્રદેશ નથી, તેમ આ જીવો વિનાનું પણ કોઇ સ્થાન નથી, અને 'બાદરનિગોદ' તો લોકના અસંખ્યાતમા ભાગમાં રહેલ છે.

સૂક્ષ્મ નિગોદ અને બાદર નિગોદ એ તે જીવોના શરીરનું નામ પણ છે. એક નિગોદમાં રહેલા અનંત જીવોનું શરીર એક જ હોય છે, તેથી તે જીવો પણ નિગોદના નામથી ઓળખાય છે. સમકાળે ઉત્પન્ન થયેલા તે અનંત જીવોની શરીરરચના પણ સમકાળે ( સર્વ જીવોની એક સાથે ) થાય છે, ઉચ્છ્વાસ નિઃશ્વાસયોગ્ય પુદ્ગલોનું ગ્રહણ અને મૂકવાનું પણ સર્વ જીવોનું સમકાળે એક સાથે છે. અનંત જીવોનું ઔદારિક શરીર એક જ હોવા છતાં તૈજસ કાર્મણ શરીર તો તે જીવના પોતપોતાના જુદા જુદા હોય છે, દરેક જીવ પોતપોતાની અવગાહનામાં અસંખ્ય આત્મપ્રદેશવાળો હોય છે અને તેના પ્રદેશોની સંખ્યા લોકાકાશના પ્રદેશ તુલ્ય બરાબર છે. કોઇ પણ જીવ લઘુમાં લઘુ અવગાહના કરે ત્યારે પણ અસંખ્યાત આકાશપ્રદેશને અવગાહીને જ રહી શકે છે. જો કે તે તે આકાશપ્રદેશે બીજા અનંતા જીવોના દરેક અસંખ્ય અસંખ્ય આત્મપ્રદેશો હોય છે, તો પણ જીવોનો અને પુદ્ગલોનો મળીને રહેવાનો સ્વભાવ હોવાથી એક એક આકાશપ્રદેશે અનંતા છૂટા પરમાણુ બેથી માંડીને યાવત્ અનંતા પરમાણુના સ્કંધો અને અનંત જીવોના અસંખ્ય અસંખ્ય આત્મપ્રદેશો પરસ્પરને બાધા કર્યા સિવાય રહી શકે છે. ( જેમ એક દીવાના પ્રકાશમાં અનેક દીવાના પ્રકાશો મળી જાય છે તેમ. ) તે દરેક જીવના પ્રત્યેક આત્મપ્રદેશે અનંતી અનંતી કર્મવર્ગણાઓ લાગેલી હોય છે. તે વર્ગણાઓ અનંત પરમાણુઓના સ્કંધોની બનેલી હોય છે.

( ચાલુ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સિદ્ધક્ષેત્ર જૈન બાલાશ્રમ–પાલીતાણા.

## સં. ૨૦૦૦ ના ફાગણ તથા ચૈત્ર માસની પત્રિકા

**ધાર્મિક પ્રવૃત્તિઓ:**—નિયમાનુસાર સામાયિક, પ્રતિક્રમણ, મુનિવંદન, પ્રભુપૂજા વિગેરે ક્રિયાઓ થઈ રહેલ છે. ફાગણ શુદિ ૧૩ તથા ચૈત્ર શુદિ ૧૫ ના રોજ અનુક્રમે સઘળા વિદ્યાર્થીઓ છ ગાઉની પ્રદક્ષિણામાં તથા ગિરિરાજની યાત્રાએ ગયા હતા. ઓળીના દિવસો દરમિયાન એક દિવસે સઘળા વિદ્યાર્થીઓએ એકી સાથે આયંબીલ વ્રત કર્યું હતું. છૂટક આંબેલ પણ થયાં હતાં.

**આવક:**—

| | ફાગણ | ચૈત્ર |
|---|---|---|
| | રૂા. આ. પા. | રૂા. આ. પા. |
| શ્રી જનરલ નિર્વાહ ફંડ | ૧૫૯–૮–૦ | ૨૨૯૨–૦–૦ |
| શ્રી ભોજન ફંડ | ૨૧૪–૦–૦ | ૨૬૦-૧૨-૦ |
| શ્રી વાર્ષિક મદદ ફંડ | ૧૧–૦–૦ | ૨૫–૦–૦ |
| શ્રી મુસાફરી ફંડ | ૦–૦–૦ | ૧૦૦–૦–૦ |
| શ્રી ઇનામ ફંડ | ૦–૦–૦ | ૧૦–૦–૦ |
| શ્રી સ્વા૦ ટ્રસ્ટ ફંડ ખાતે | ૦–૦–૦ | ૩૦૦૯–૦–૦ |
| શ્રી દૂધ ફંડ તિથિ ખાતે | ૦–૦–૦ | ૨૦૨–૦–૦ |
| શ્રી દેરાસર ખાતે | ૧૨–૪–૦ | ૧૫–૦–૦ |
| ગાંધી ચ. મો. વિદ્યાલય ખાતે | ૦–૦–૦ | ૭૮૮૩–૦–૦ |

**જમણ:**—

| | | |
|---|---|---|
| ૧. | શેઠ શકરાલાલ ચુનીલાલ | અમદાવાદ. |
| ૨. | ગાંધી ચતુર્ભુજ મોતીલાલ તથા ગાંધી હરગોવિંદ મોતીલાલ તરફથી સિદ્ધવડનું ભાતું | ભાવનગર. |
| ૩. | બાબુ ભગવાનલાલ પન્નાલાલ | મુંબઈ. |
| ૪. | શેઠ ઓતમચંદ રણછોડ | ,, |
| ૫. | બાઇ આધારબેન તે શેઠ મૂળચંદ હઠીચંદની વિધવા | અમદાવાદ. |
| ૬. | શેઠ શેનાભાઇ હકમચંદ હા. ધીરજબેન | ,, |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૭. ગાંધી વસંતલાલ વ્રજલાલ મુંબઇ.

૮. પારેખ ચુનીલાલ દુર્લભદાસ ભાવનગર.

૯. સરસ્વતીબેન સોભાગચંદ દીપચંદ સુરચંદ સુરત.

**ભેટઃ**—શેઠ નેમચંદ કચરાભાઇ અમદાવાદ. બે પ્રતિક્રમણની બુકો નંગ ૧૫, ગિરધરલાલ મણિલાલ પાટણ જ. સિ. રકેબી ૧, જ. સિ. વાટકી ૧.

**મુલાકાતઃ**—ભાવનગરથી સ્થા. કમિટીના મેમ્બર શ્રીયુત અમરચંદભાઇ કુંવરજી શાહ તથા શ્રીયુત ચુનીલાલ દુર્લભદાસ પારેખ તથા મુંબઇથી સ્થા. કમિટીના પ્રમુખ શ્રીયુત ચતુર્ભુજભાઇ મોતીલાલ ગાંધી તથા શ્રી પ્રાણજીવન હ. ગાંધી જુદા જુદા સમયે સંસ્થાની મુલાકાતે પધારી નિરીક્ષણ કરી ગયા હતા. અન્ય મુલાકાતોઃ—શેઠ પુરુષોત્તમદાસ પોપટલાલ ચોલીઆ, સાન્ટાક્રુઝ, શેઠ ચીમનલાલ મોહનલાલ–માટુંગા, શ્રીયુત ન્યાલચંદ લક્ષ્મીચંદ વકીલ–ભાવનગર, શેઠ રસિકલાલ બાપુભાઈ–પ્રભાસપાટણ, શેઠ પુનમચંદ પોપટલાલ–પાટણ, શેઠ બાપાલાલ રતનચંદ–પાટણ, શેઠ ભોગીલાલ બબલદાસ–મ્હેસાણા.

**સંસ્થાની વર્ષગાંઠઃ**—ચૈત્ર શુ. ૧૦ ના રોજ ડૉ. પ્રાગજીભાઇ પાનાચંદ મ્હેતાના પ્રમુખપણા નીચે સંસ્થાના મકાનમાં વર્ષગાંઠ અંગે મિટીંગ ભરવામાં આવી હતી, જે વખતે તેમણે રૂા. ૧૦૧) દૂધની તિથિની મદદ આપી હતી. બપોરના મોટી પૂજા રાખી હતી તથા વિદ્યાર્થીઓને મિષ્ટાન્ન આપવામાં આવ્યું હતું.

**સ્વામીવાત્સલ્ય ટ્રસ્ટ ફંડ ખાતે હજુ છ માસની તિથિઓ ખાલી છે. મોંઘવારીના આ વિષમ સંજોગોમાં ભોજનખર્ચ ઘણો વધ્યો છે. સમાજ તરફ અમો મીટ માંડી રહ્યા છીએ. જાતે મદદ આપો અને અપાવો.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## પ્રશંસાનું પુષ્પ

( રાગ : કવ્વાલી )

પ્રશંસા દેવને વ્હાલી, પ્રશંસા વૈરીને પ્યારી;
રીઝે છે રાય ને રંક, પ્રશંસાની બલિહારી. ૧
પ્રશંસાથી વધે ઉત્સાહ, પ્રશંસાથી વધે શક્તિ;
પ્રભુનો પ્યાર મેળવવા, પ્રશંસાથી કરો ભક્તિ. ૨
પ્રશંસાથી વધે છે પ્રેમ, પ્રશંસા દાનની બારી;
યોગ્યતા પ્રમાણે જો, પ્રશંસા થાય તો સારી. ૩
ચૂકે મર્યાદા એમાં તો, પ્રશંસા એ પડે ભારી;
મદમસ્ત બનાવીને, પતનની ચાંપે ચીનગારી. ૪
પ્રશંસા વીરની કરજો, પ્રશંસા દાનની કરજો;
પ્રશંસા કાર્યની કરજો, પ્રશંસા ગુણની કરજો. ૫
પ્રશંસા એકની કરીને, પછી નિંદા નહિ કરજો;
વિવેક બારી ઉઘાડીને, ખુશામત ખોટીથી ડરજો. ૬
પ્રશંસા સુણી પોતાની, બહુ મલકાઇ ના જાશો;
નિંદા પ્રશંસાની સાથે, 'અમર' એ ખ્યાલમાં લેશો. ૭

અમરચંદ માવજી શાહ

## નવા સભાસદો

| | | |
|---|---|---|
| ૧. શેઠ દુર્લભદાસ ઝવેરચંદ | મુંબઇ | લાઇફ મેમ્બર |
| ૨. શેઠ પરશોતમ માવજી | " | " |
| ૩. શા. ધરમશી દાઉચંદ | ભાવનગર | વાર્ષિક મેમ્બર |
| ૪. શા. નંદલાલ ત્રિકમજી | " | " |
| ૫. શા. મૂળચંદ બકોરદાસ | " | " |

## ભાઇ જગજીવન છગનલાલનું ખેદકારક પંચત્વ

ભાઈ જગજીવનદાસનો જન્મ સં. ૧૯૪૧ માં થયો હતો. તેઓ વૈશાખ વદિ બીજના રોજ ઓગણસાઠ વર્ષની વયે ટૂંક સમયની માંદગી ભોગવી સ્વર્ગવાસી થયા છે. તેઓ સ્વભાવે મિલનસાર અને શાંત પ્રકૃતિના હતા. સેવાભાવી પણ હતા. અત્રેના ગોડીજી જિનાલયની કમિટીના મેમ્બર હતા. સભાના કાર્યથી રંજિત થઇ ઘણા વર્ષોથી તેઓ સભાના સભ્ય થયા હતા. અમો સ્વર્ગસ્થના આત્માની શાંતિ ઇચ્છી તેમના પુત્ર શાંતિલાલ વિગેરે કુટુંબીજનોને દિલાસો આપીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 156

## બુકો વેચાણ મગાવનારને સૂચના

શ્રી ત્રિષષ્ટિ શલાકા પુરુષ ચરિત્રનો સેટ, શ્રી ઉપદેશપ્રાસાદ ભાષાંતરનો સેટ તથા શ્રી ઉપમિતિ ભવપ્રપંચા કથાનો સેટ મગાવનારને જણાવવાનું કે-સેટની જે કિંમત ઓછી લેવામાં આવતી હતી તે હવેથી બુકોમાં જણાવ્યા પ્રમાણે પૂરી લેવામાં આવશે.

## શ્રી વૈરાગ્યકલ્પલતા ગ્રંથ

ઉપાધ્યાય શ્રી યશોવિજયજીકૃત આ પદ્યબંધ ગ્રંથ અમદાવાદનિવાસી પંડિત ભગવાનદાસ હરખચંદ તરફથી હાલમાં બહાર પડેલ છે. ગ્રંથ ઉપમિતિ ભવપ્રપંચા કથાનું સ્મરણ કરાવે તેવો તે જ સ્વરૂપમાં બનાવેલો છે. અત્યુત્તમ ગ્રંથ છે. શ્લોકસંખ્યા સાત હજાર છે. કિંમત રૂા. ૬) રાખેલ છે. તે અમારે ત્યાંથી પણ મળશે. જરૂર મંગાવો ને લાભ લ્યો.

## શ્રી ગુણવર્મા ચરિત્ર ભાષાંતર

મૂળ સંસ્કૃત ઉપરથી પંડિત પાસે શુદ્ધ ગુજરાતીમાં ભાષાંતર કરાવીને પં. શ્રી વીરવિજયજીના ઉપાશ્રય તરફથી હાલમાં પ્રગટ કરવામાં આવેલ છે. કિંમત આઠ આના. ખાસ વાંચવા લાયક છે. પોસ્ટેજ બે આના. જરૂર મંગાવો. અમારે ત્યાંથી મળી શકશે.

સત્તર ભેદી પૂજા કરનારની ૧૭ કથાઓ આમાં છે.

## શ્રી નવપદજીની પૂજા-સાર્થ

ઉપાધ્યાય શ્રી યશોવિજયજી આદિ કૃત આ શ્રી નવપદજીની પૂજા ઘણી જ પ્રચલિત છે. આયંબિલની ઓળી કરનાર માટે દરેક પદના ગુણો, વિધિ તથા ચૈત્યવંદન-સ્તવનાદિ વિસ્તારથી આપવામાં આવ્યા છે. હાલમાં તેની ત્રીજી આવૃત્તિ પ્રગટ કરવામાં આવી છે. જરૂર મગાવો ને લાભ લ્યો. કિંમત ચાર આના. પોસ્ટેજ એક આનો.

## पंच प्रतिक्रमण सूत्र–मूळ. शास्त्री

મૂળ સુંદર ટાઇપમાં છપાવેલ આ બુકમાં પંચ પ્રતિક્રમણ, નવ સ્મરણ, ચૈત્યવંદન, સ્તવન, સ્તુતિ, છંદ તથા વિધિઓ વિગેરેનો સમાવેશ કરેલ છે. વિદ્યાર્થીઓને ખાસ અભ્યાસ કરવા યોગ્ય છે. કાગળની અતિશય મોંઘવારી છતાં જ્ઞાન-પ્રચારનો હેતુ જાળવવા માટે અમે કિંમત વધારી નથી. છૂટક નકલના આઠ આના. સો નકલના રૂા. ૪૫). પોસ્ટેજ ત્રણ આના.

## સ્નાત્ર સંગ્રહ અને અષ્ટપ્રકારી પૂજા

આ બુક હાલમાં જ અમે છપાવી છે. તેમાં શ્રી દેવચંદ્રજી તથા પં. વીરવિજયજીના સ્નાત્ર ઉપરાંત પૂર્વાચાર્યકૃત સ્નાત્ર જે હાલમાં પ્રચારમાં નથી તે દાખલ કર્યું છે. તેમાં શ્રી ઋષભદેવનો ને પાર્શ્વનાથનો એમ બે કળશ છે. જેને પાંચ સ્નાત્ર ભણાવવા હોય તેને માટે શાંતિનાથજીનો કળશ પણ આ બુકમાં દાખલ કર્યો છે. ત્યારપછી શ્રી દેવવિજયજીકૃત અષ્ટપ્રકારી પૂજા દાખલ કરી છે તે અષ્ટપ્રકારી પૂજા કરતાં દરેક પૂજાના પ્રારંભમાં બોલવા લાયક છે. તેમાં તે પૂજા સંબંધી જ વર્ણન છે. ખાસ કંઠે કરવા લાયક છે. કિંમત ત્રણ આના રાખવામાં આવી છે. પોસ્ટેજ પોણો આનો. ખાસ મંગાવો.

મુદ્રક: શાહ ગુલાબચંદ લલ્લુભાઈ-શ્રી મહોદય પ્રિન્ટિંગ પ્રેસ. દાણાપીઠ-ભાવનગર

For Private And Personal Use Only